<table>
<tr><td rowspan="4">GJAH15000<br>3062017</td><td rowspan="4">सत्यमेव जयते</td><td>કેસ મળ્યાની તારીખ</td><td colspan="3">૧૦-૦૬-૨૦૧૧</td></tr>
<tr><td>કેસ દાખલ તારીખ</td><td colspan="3">૧૦-૦૬-૨૦૧૧</td></tr>
<tr><td>કેસ ફેસલ તારીખ</td><td colspan="3">૩૦–૦૬-૨૦૨૬</td></tr>
<tr><td>સમયગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td></td><td></td><td></td><td>૧૫</td><td>૦૦</td><td>૨૦</td></tr>
</table>

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં. સી-૨૦૦૧-૯૩, તારીખ- ૨૦-૦૫-૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમાં મુજબ.**

**FORM-A**

---

**દેત્રોજના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક., સાહેબની કોર્ટમાં, દેત્રોજ**

---

**શ્રી એચ.એસ.રાઠોડ, પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુ.મેજી.ફ.ક., દેત્રોજ**

---

**(ચુકાદા તારીખ-૩૦–૦૬-૨૦૨૬)**

**જુનો ક્રિમીનલ કેસ નં.૭૫૮-૨૦૧૧**
**નવો ક્રિમીનલ કેસ નં.૨૯૦-૨૦૧૭**
**આંક-**

| **એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.** | |
|---|---|
| પોલીસ સ્ટેશન | દેત્રોજ |
| ગુનો | ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૭૯,૫૧૧,૧૧૪ તથા ડેમેજ પ્રોપર્ટી એકટની કલમ-૩,૭ મુજબ. |
| તહોમતનામા મુજબ તહોમત | ઉપર મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | શ્રી આઇ.એ. સૈયદ |
| આરોપી/આરોપીઓ | **ઇમ્તીયાજખાન રહીમખાન પઠાણ** રહે.મંડાલી, તા.જી.મહેસાણા. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | એસ.જે.ઝાલા |

## FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૧-૦૯-૨૦૦૬ ના કલાક ૧૭:૩૦ વાગ્યાના કોઇપણ સમયે |
| ફરીયાદની તારીખ | ૨૨–૦૯-૨૦૦૬ |
| ચાર્જશીટની તારીખ | ૧૦-૦૬-૨૦૧૧ |
| તહોમત/પ્લી ફરમાવ્યા તારીખ | ૦૩-૦૮-૨૦૨૪ |
| પુરાવો શરુ કર્યા તારીખ | ૨૩-૦૮-૨૦૨૧ |
| દો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | |
| ચુકાદા તારીખ | ૩૦–૦૬-૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | - |

| **આરોપી નંબર** | **આરોપીનુ નામ** | **ઘરપકડ ની તારીખ** | **જામીન મુકિત ની તારીખ** | **ક્યાં ગુનાનો આક્ષેપ છે?** | **નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર?** | **કરવા માં આવેલ સજા** | **ક્રિ.પ્રો.કો.કલ મ:૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલ છે.** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઇમ્તીયાજ ખાન રહીમખાન પઠાણ | ૧૭.૧૨.૨૦૧૦ | ૦૪-૦૧-૨૦૧૧ | ભારતીય દંડ સંહિતા ની કલમ - ૩૭૯, ૫૧૧,૧૧૪ તથા ડેમેજ પ્રોપર્ટી એકટની કલમ-૩,૭ મુજબ. | નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. | - | - |

## FORM-C

### ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

**(એ) ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો મૌખિક પુરાવા:**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | ગણેશભાઇ સરતાનભાઈ રબારીની જુબાની | પંચ સાહેદ | ૦૬ |
| ૨ | ભીખુભા અગરસંગ સોલંકીની જુબાની | પંચ સાહેદ | ૦૮ |
| ૩ | વદનસિંગ શિવસિંગ સોલંકીની જુબાની | પંચ સાહેદ | ૧૦ |
| ૪ | મહેશકુમાર ભાઇલાલભાઇ દુબ્બલની જુબાની | ફરિયાદી | ૧૨ |
| ૫ | અંબાલાલ મોહનદાસ સાધુની જુબાની | પંચ સાહેદ | ૧૪ |
| ૬ | ભુપતસંગ ગાંડાજી ઠાકોરની જુબાની | પંચ સાહેદ | ૧૬ |
| ૭ | રજાકભાઇ દાવલભાઇ બેલીમની જુબાની | પંચ સાહેદ | ૧૭ |
| ૮ | હનીફભાઇ રસુલભાઇ બેલીમની જુબાની | પંચ સાહેદ | ૧૯ |
| ૯ | જંયતિભાઇ રૂપસંગભાઇ ઓડની જુબાની | પંચ સાહેદ | ૨૧ |
| ૧૦ | પ્રજ્ઞેશભાઇ કુબેરદાસ પટેલની જુબાની | પંચ સાહેદ | ૨૩ |
| ૧૧ | ગોપીચંદ શંકરલાલ શર્માની જુબાની | સાહેદ | ૩૪ |
| ૧૨ | અશ્વિન રસીકલાલ ઠકકરની જુબાની | પંચ સાહેદ | ૩૨ |
| ૧૩ | અશોકકુમાર રામભાઇ ચાવડાની જુબાની | સાહેદ | ૪૪ |
| ૧૪ | રાકેશકુમાર શ્રીયાલ શર્માની જુબાની | ત.ક.અ. | ૬૪ |
| ૧૫ | જયંતિભાઇ ચેલુભાઇ ગોહીલની જુબાની | સાહેદ | ૬૮ |
| ૧૬ | ભવાનસિંહ દલપતસિંહ વાઘેલાની જુબાની | ત.ક.અ. | ૬૯ |
| ૧૭ | રણછોડભાઇ ઢીંગાભાઇ ગોહીલની જુબાની | સાહેદ | ૭૦ |
| ૧૮ | ભરતભાઇ કેહરભાઇ ગોહીલની જુબાની | સાહેદ | ૭૧ |
| ૧૯ | મહોબતસિંહ અભુજીની જુબાની | ત.ક.અ. | ૭૫ |

| | | | |
|---|---|---|---|
| **૨૧** | અબ્દુલહમીદ ઉસ્માનખાન પઠાણની જુબાની | ત.ક.અ. | ૭૩ |
| **૨૨** | નરસિંહભાઇ રામાભાઇ પરમારની જુબાની | ત.ક.અ. | ૭૮ |
| **૨૩** | ધનંજયસિંહ સુરેન્દ્રસિંહ વાઘેલાની જુબાની | ત.ક.અ. | ૮૦ |
| **૨૪** | મુળચંદભાઇ નાથાભાઇ જાદવની જુબાની | ત.ક.અ. | ૮૫ |

**(બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| - | - | - |

**(સી) કોર્ટ સાહેદ જો હોય તો,**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| - | - | - |

**ફરીયાદપક્ષ તરફ આંકે પાડેલા દસ્તાવેજી પુરાવાઃ-**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૭ |
| ૨ | મુદામાલ રીકવરી પંચનામું | ૧૧ |
| ૩ | ફરિયાદ | ૧૩ |
| ૪ | આરોપી અટક અંગેનું પંચનામું | ૧૫ |
| ૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૮ |
| ૬ | આરોપી અટક અંગનું પંચનામું | ૨૨ |
| ૭ | આરોપી અટક અંગનું પંચનામું | ૨૪ |
| ૮ | આરોપી અટક અંગેનું પંચનામું | ૩૩ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજોઃ-**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| - | - | - |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવાઃ-**

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| - | - | - |

**મુદ્દામાલની વિગતઃ-**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | **(૧)** મુ.પા.નં.૬૭/૨૦૦૬, તા.૨૨--૦૯-૨૦૦૬ માં જણાવ્યા મુજબ.<br>**(૨)** મુ.પા.નં.૬૮/૨૦૦૬, તા.૨૩--૦૯-૨૦૦૬ માં જણાવ્યા મુજબ.<br>(૩) મુ.પા.નં.૬૯/૨૦૦૬, તા.૨૪--૦૯-૨૦૦૬ માં જણાવ્યા મુજબ.<br>(૪)મુ.પા.નં.૭૦/૨૦૦૬, તા.૨૬--૦૯-૨૦૦૬ માં જણાવ્યા મુજબ.<br>(૫)મુ.પા.નં.૭૧/૨૦૦૬, તા.૨૭--૦૯-૨૦૦૬ માં જણાવ્યા મુજબ.<br>(૬)મુ.પા.નં.૭૨/૨૦૦૬, તા.૨૮--૦૯-૨૦૦૬ માં જણાવ્યા મુજબ.<br>(૭)મુ.પા.નં.૭૩/૨૦૦૬, તા.૨૮--૦૯-૨૦૦૬ માં જણાવ્યા મુજબ.<br>(૮)મુ.પા.નં.૭૪/૨૦૦૬, તા.૨૯--૦૯-૨૦૦૬ માં જણાવ્યા મુજબ.<br>(૯) મુ.પા.નં.૭૫/૨૦૦૬, તા.૦૫--૧૦-૨૦૦૬ માં જણાવ્યા મુજબ.<br>(૧૦)મુ.પા.નં.૭૭/૨૦૦૬, તા.૧૧-૧૦-૨૦૦૬ માં જણાવ્યા મુજબ.<br>(૧૧)મુ.પા.નં.૮૪/૨૦૦૬, તા.૧૭--૧૧-૨૦૦૬ માં જણાવ્યા મુજબ | - |

**<u>::::ચુકાદો::::</u>**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓ પૈકી નં.૧,૪ નાઓએ તા. ૨૧/૦૯/૨૦૦૬ ના કલાક ૧૭-૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે

દેત્રોજ તાલુકાની રામપુરા ગામની સીમમાં સલાયા મથુરા જતી આઈ.ઓ.સી કંપનીની પાઈપ લાઈનમાં પંચર કરી ડીઝલની ચોરી કરવા માટે આરોપીનં.૭,૮,૯ ને જગ્યા બતાવી આરોપી નં.૭,૮,૯ નાઓએ પાઈપ લાઈનમાં પંચર કરી લોખંડનો ક્લેઈમ તથા વાલ્વ ફીટ કરી આશરે પાંચેક ટેન્કરો ડીઝલની ચોરી કરી આરોપી નં-રનાએ ચોરીનો માલ વેચવા તથા ભરવા માટે ટેન્કરો ભાડે કરી આપી વચ્ચે રહી માલ વેચી આપી તહોમતદાર નં- ૩,૫ નાએ આઇઓસી કંપનીનો ચોરીનો માલ જાણવા છતા ચોરીનો માલ ભરવા ટેન્કરોમાં ભરાવી આરોપીને-૫ નાએ વચ્ચે રહી માલ વેચી આપી આ કામના આરોપી નં.૧૦ નાએ આરોપી નં.૮ ના કહેવાથી તે આઇઓસી પાઇપ લાઇનમાં પંચર કરી નુકસાન કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરી, ભારતીય દંડ સંહિતાની કલમઃ ૩૭૯,૫૧૧,૧૧૪ તથા ડેમેજ પ્રોપર્ટી એક્ટ કલમ ૩,૭ મુજબની ફરિયાદ નોંધવામાં આવેલ.

**(૨)** ફરિયાદીની ફરિયાદના આધારે દેત્રોજ પોલીસ સ્ટેશનના ફગુ,રુજી, નં. ૫૨/૨૦૦૬ થી તારીખ:૨૨-૦૯-૨૦૦૬ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ:૩૭૯, ૫૧૧,૧૧૪ તથા ડેમેજ પ્રોપર્ટી એક્ટ કલમ ૩,૭ મુજબનો ગુનો દાખલ કરેલો. ત્યારબાદ તપાસમાં આરોપી મળી આવતા તેઓની ધરપકડ કરવામાં આવેલ. ત્યારબાદ પોલીસની તપાસ પૂરી થતા પોલીસે સી.આર.પી.સી.ની કલમ : ૧૭૩ મુજબ આરોપી વિરુધ્ધ ભારતીયદંડ સંહિતાની કલમ: ૩૭૯,૫૧૧,૧૧૪ તથા ડેમેજ પ્રોપર્ટી એક્ટ કલમ ૩,૭ મુજબના ગુનાના તહોમતનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજૂ કરેલ.

**(૩)** આ કામે આરોપીને સમન્સની બજવણી થતા તેઓ હાજર થયેલ છે. ત્યારબાદ આરોપીની ભારતીય દંડ સંહિતાની કલમ: ૩૭૯,૫૧૧,૧૧૪ તથા ડેમેજ પ્રોપર્ટી એક્ટ કલમ ૩,૭ મુજબના ગુનાનું તહોમતનામું આંક:૪૧ થી તેમજ પ્લી આંક:૪૦ થી નોંધતા આરોપીએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરેલ છે. જેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૫)** ત્યારબાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ :૩૧૩ મુજબની જોગવાઈઓ અન્વયે આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

**(૬)** ત્યારબાદ પક્ષકારોના વિ. વકીલ શ્રી એ.પી.પી.શ્રી આઈ.એ.સૈયદ નાઓએ દલીલ કરેલ છે કે, આ કામના આરોપીઓ પૈકી નં.૧,૪ નાઓએ તા. ૨૧/૦૯/૨૦૦૬ ના કલાક ૧૭-૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે દેત્રોજ તાલુકાની રામપુરા ગામની સીમમાં

સલાયા મથુરા જતી આઈ.ઓ.સી કંપનીની પાઈપ લાઈનમાં પંચર કરી ડીઝલની ચોરી કરવા માટે આરોપીનં.૭,૮,૯ ને જગ્યા બતાવી આરોપી નં.૭,૮,૯ નાઓએ પાઈપ લાઈનમાં પંચર કરી લોખંડનો ક્લેઈમ તથા વાલ્વ ફીટ કરી આશરે પાંચેક ટેન્કરો ડીઝલની ચોરી કરી આરોપી નં-૨નાએ ચોરીનો માલ વેચવા તથા ભરવા માટે ટેન્કરો ભાડે કરી આપી વચ્ચે રહી માલ વેચી આપી તહોમતદાર નં- ૩,૫ નાએ આઇઓસી કંપનીનો ચોરીનો માલ જાણવા છતા ચોરીનો માલ ભરવા ટેન્કરોમાં ભરાવી આરોપીને-૫ નાએ વચ્ચે રહી માલ વેચી  આપી આ કામના આરોપી નં.૧૦ નાએ આરોપી નં.૮ ના કહેવાથી તે આઇઓસી પાઇપ લાઇનમાં પંચર કરી નુકસાન કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ગુનો કરેલ હોય અને તેમ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ હોય, આરોપીઓને સખતમાં સખત સજા કરવા અરજ કરેલ છે.

**(૭)** ત્યારબાદ બચાવ પક્ષના વિ.વકીલશ્રીઓએ ખુબજ ભારપુર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૮)** આ કામમાં મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓ પૈકી નં.૧,૪ નાઓએ તા. ૨૧/૦૯/૨૦૦૬ ના કલાક ૧૭-૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે દેત્રોજ તાલુકાની રામપુરા ગામની સીમમાં સલાયા મથુરા જતી આઈ.ઓ.સી કંપનીની પાઈપ લાઈનમાં પંચર કરી ડીઝલની ચોરી કરવા માટે આરોપીનં.૭,૮,૯ ને જગ્યા બતાવી આરોપી નં.૭,૮,૯ નાઓએ પાઈપ લાઈનમાં પંચર કરી લોખંડનો ક્લેઈમ તથા વાલ્વ ફીટ કરી આશરે પાંચેક ટેન્કરો ડીઝલની ચોરી કરી આરોપી નં-૨નાએ ચોરીનો માલ વેચવા તથા ભરવા માટે ટેન્કરો ભાડે કરી આપી વચ્ચે રહી માલ વેચી આપી તહોમતદાર નં- ૩,૫ નાએ આઇઓસી કંપનીનો ચોરીનો માલ જાણવા છતા ચોરીનો માલ ભરવા ટેન્કરોમાં ભરાવી આરોપીને-૫ નાએ વચ્ચે રહી માલ વેચી  આપી આ કામના આરોપી નં.૧૦ નાએ આરોપી નં.૮ ના કહેવાથી તે આઇઓસી પાઇપ લાઇનમાં પંચર કરી નુકસાન કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ભારતીય

દંડ સંહિતાની કલમ:૩૭૯,૫૧૧,૧૧૪ તથા ડેમેજ પ્રોપર્ટી એક્ટ કલમ ૩,૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૯)** ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

**-:: નિર્ણયો ::-**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**-:: કારણો ::-**

**(૧૦) મુદ્દા નં.૧**

**મુદ્દા નં. ૧:- ફરીયાદી પક્ષે રજુ થયેલ પુરોવા:-**

**ગુનાવાળી જગ્યા પંચનામામાં પંચ સાહેદોના પુરાવાઓ:-**

**(૧૦.૧)** આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૦૭ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૦૬ થી પંચ સાહેદ ગણેશભાઇ સરતાનભાઇનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૨.૦૯.૨૦૦૬ના રોજ એક લખેલા તૈયાર પંચનામામાં પોલીસે તેઓની સહી લીધેલી. પંચનામું શેનું હતુ તેની તેઓને ખબર નથી.તેઓ બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામુ કરવા માટે પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલો નહી. પોલીસે તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોઈ તેવું કાંઈ બનેલ નહી. તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી. તેઓએ સદર પંચનામામાં તેઓએ પંચો તરીકે સહીઓ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ પંચ સાહેદ ની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. જેથી સદર પંચ સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને માની શકાય નહી. સદર પંચ સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.સદર કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ નો હુકમ થયેલ હતો પરંતુ સદર આરોપી પાછળથી મળી આવેલ હોય આંક-૪૨ થી ઉલટ તપાસ કરવામાં માંગતા ન હોવાની પુરસીસ આપેલ છે.

<u>**આરોપી અટક તથા મુદામાલ રીકવરીના પંચનામામાં પંચ સાહેદોના પુરાવાઓ:-**</u>

**(૧૦.૨)** આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૦૯ થી રજુ આરોપી અટક તથા મુદામાલ રીકવરીના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૦૮ થી પંચ સાહેદ ભીખુભા અગરસંગ સોલંકીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર કામે પંચસાહેદ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે દસ વર્ષ અગાઉ એક લખેલા તૈયાર પંચનામામાં પોલીસે તેઓની સહી લીધેલી. પંચનામું શેનું હતુ તેની તેઓને ખબર નથી.તેઓ આરોપીને ઓળખી શકે નહી. તેઓએ સદર પંચનામામાં તેઓએ પંચો તરીકે સહી કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ પંચ સાહેદ ની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. જેથી સદર પંચ સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને માની શકાય નહી. સદર પંચ સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.સદર કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ નો હુકમ થયેલ હતો પરંતુ સદર આરોપી પાછળથી મળી આવેલ હોય આંક-૪૨ થી ઉલટ તપાસ કરવામાં માંગતા ન હોવાની પુરસીસ આપેલ છે.

**<u>ગુનાવાળી જગ્યા પંચનામામાં પંચ સાહેદોના પુરાવાઓ:-</u>**

**(૧૦.૩)** આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૧૧ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૧૦ થી પંચ સાહેદ વદનસિંગ શીવસિંગ સોલંકીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. પંચ સાહેદએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૨.૦૯.૨૦૦૬ના રોજ એક લખેલા તૈયાર પંચનામામાં પોલીસે તેઓની સહી લીધેલી. પંચનામું શેનું હતુ તેની તેઓને ખબર નથી.તેઓ બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામુ કરવા માટે પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલો નહી. પોલીસે તેઓની હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરેલ હોઈ તેવું કાંઈ બનેલ નહી. તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહી. તેઓએ સદર પંચનામામાં તેઓએ પંચો તરીકે સહીઓ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ પંચ સાહેદ ની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. જેથી સદર પંચ સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને માની શકાય નહી. સદર પંચ સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.સદર કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ નો હુકમ થયેલ હતો પરંતુ સદર આરોપી પાછળથી મળી આવેલ હોય આંક-૪૨ થી ઉલટ તપાસ કરવામાં માંગતા ન હોવાની પુરસીસ આપેલ છે.

**<u>ફરિયાદીનો પુરાવો:-</u>**

**(૧૦.૪)** આ કામે ફરિયાદપક્ષ તરફે ફરિયાદી મહેશકુમાર ભાઇલાલભાઇ દુબ્બલનાઓને આંક-૧૨ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદીએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,બનાવ તા.૨૧.૦૯.૨૦૦૬ના રોજ રામપુરા પાસે આવેલી નર્મદાની કાચી કેનાલ પાસે આવેલી અમારી કંપની KVSPL કિલોમીટર ચેનેજ-૨૩ ઉપર બનેલો હતો. બનાવ સમયે તેઓ તેઓની IOC ની વીરમગામ ઓફીસે હાજર હતા તે સમયે તેઓના ઉપર મોબાઈલ નં. ૯૪૨૬૬ ૧૨૩૯૭ ઉપરથી આશરે સાડા પાંચેક વાગ્યાના સુમારે ઠાકર સાહેબનો ફોન આવેલો અને તેઓએ તેઓને ફોનમાં જણાવેલ કે, દેકાવાડા પાસેથી પસાર થતી IOC ની પાઈપલાઈનમાંથી તેલ ચોરી થતી હોય તેમ જણાય છે. જેથી તે વિસ્તાર

તમારી હદમાં આવતો હોય તમારે આ બાબતે તપાસ કરવી તેમ જણાવતા તેઓ તથા તેઓના ડ્રાઈવર રજાકભાઈ બન્ને જણા તેઓની ગાડી લઇ તપાસ માટે નિકળેલા અને તે દરમ્યાન દેકાવાડા રામપુરા રોડ ઉપર જયાં તેઓના તેલની પાઈપલાઈન પસાર થાય છે ત્યાં કિલોમીટર ચેનેજ-૨૩ પાસે જતા ત્યાં લાઈન ઉપર જઈને તેઓએ જોતા ત્યાં જમીન પોચી અને તાજી ખોદેલી જણાતા તેઓએ સદર જગ્યાએ તપાસ કરતા ત્યાં ખોદાકામ થયેલાનું જણાઈ આવેલ. જેથી તેઓએ ત્યાં બીજા સ્થાનીક મજુરો બોલાવીને ખોદકામ કરાવી જોતા તેઓની તેલની પાઈપલાઈનમાં કાણું પાડીને તેની ઉપર કલેમ્પ લગાવી ને તેના ઉપર વાલ બેસાડેલો હતો અને તેલ ચોરી કરવાની કોશીશ કરેલાનું જણાઈ આવતા તેઓએ દેત્રોજ પોલીસ સ્ટેશનમાં આવીને લેખીત ફરીયાદ આપેલી. જે આ કામે આંક-૧૩ થી રજુ હોવાની હકીકત જણાવેલ છે.

સદર કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ નો હુકમ થયેલ હતો પરંતુ સદર આરોપી પાછળથી મળી આવેલ હોય આંક-૪૨ થી ઉલટ તપાસ કરવામાં માંગતા ન હોવાની પુરસીસ આપેલ છે.

**<u>આરોપી અટકના પંચનામામાં પંચ સાહેદોના પુરાવાઓ:-</u>**

**(૧૦.૫)** આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૧૫ થી રજુ આરોપી અટકના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૧૪ થી પંચ સાહેદ અંબાલાલ મોહનદાસ સાધુનાઓને તથા આંક-૧૬ થી પંચ સાહેદ ભુપતસંગ ગાંડાજી ઠાકોરનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર કામે બન્ને પંચસાહેદોએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૪-૦૯-૨૦૦૬ ના રોજ એક લખેલા તૈયાર પંચનામામાં પોલીસે તેઓની સહી લીધેલી. પંચનામું શેનું હતું તેની તેઓને ખબર નથી. તેઓ આરોપીને અટક કર્યા અંગેનું પંચનામું કરવા માટે પોલીસ સાથે કોઇ જગ્યાએ ગયેલા નહી. તેઓ આરોપીને ઓળખી શકે નહી. તેઓએ સદર પંચનામામાં તેઓએ પંચો તરીકે સહી કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

સદર બન્ને પંચ સાહેદો ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ બન્ને પંચ સાહેદોની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. જેથી બન્ને પંચ સાહેદોના પુરાવાથી ફરિયાદ

પક્ષના પંચનામાની હકીકતને માની શકાય નહી. બન્ને પંચ સાહેદોની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.સદર કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ નો હુકમ થયેલ હતો પરંતુ સદર આરોપી પાછળથી મળી આવેલ હોય આંક-૪૨ થી ઉલટ તપાસ કરવામાં માંગતા ન હોવાની પુરસીસ આપેલ છે.

<u>**ગુનાવાળી જગ્યા પંચનામામાં પંચ સાહેદોના પુરાવાઓ:-**</u>

**(૧૦.૬)** આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૧૮ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાનેપંચનામાને પુરવાર કરવા માટે આંક-૧૭ થી પંચ સાહેદ રજાકભાઈ દાવલભાઈ બેલીમનાઓને તથા આંક-૧૯ થી હનીફભાઇ રસુલભાઈ બેલીમનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ કામે બન્ને પંચ સાહેદોએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે દસ બાર વર્ષ અગાઉ પોલીસે તેઓને રામપુરા ગામની સીમમાં બોસ્કી તલાવડી પાસે આવેલ ખરાબાવાળી જગ્યાએ બોલાવેલા અને બનાવવાળી સ્થાનિક જગ્યાએ પંચનામુ કરવાનું હોય પંચમાં રહેવા સમજ કરતા તે અંગે તેઓએ સ્વખુશી બતાવેલી. પોલીસ સાથે તેઓ બનાવવાળી જગ્યાએ જતાં ત્યાં પાઈપલાઈનમાં વેલ્ડીંગ નું કામ ચાલુ હતુ અને તે વેલ્ડીંગ નું કામ કરાવનાર ઓફીસર નું પોલીસે તેઓની પંચો રુબરુ નામ પુછતા તેમણે પોતાનું નામ જણાવેલ પરંતુ તે વાત ને લાંબો સમય થઈ ગયેલ હોય તેમનુ નામ હાલ તેઓને યાદ નથી. તે પ્રોડકટ લાઈનમાં કોઈએ પંચર કરેલ હોય અને તેના ઉપર વાલ્વ અને કલેઈમ બેસાડેલ હોય અને તે વાલ્વ અનેકલેઈમ ખોલી લઈ તેઓએ તેના ઉપર વેલ્ડીંગ કરાવી રહેલા હતા અને તેઓએ આ વાલ્વ તથા કલેઈમ ખોલેલો રજુ કરતા પોલીસે પંચનામાની વિગતે તે વાલ્વ કબજે કરેલ. અઢાર ઈંચના ડાયાગ્રામવાળો કલેઈમ અને છ ઈંચ વાળા બાર બોલ્ટ હતા. જે અંગેનું પોલીસે વિગતવારનું પંચનામુ કરી તે કબજે લઈ પંચનામામાં તેઓની સહી કરાવેલી.જેમાં તેઓએ પંચો તરીકે તેઓની સહી છે.

તે બાદ બન્ને પંચ સાહેદોની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી તે સિવાય તેઓને બીજી કોઈ જાત માહીતી નથી. પોલીસે પંચનામામાં શું લખેલું તેની તેઓને ખબર નથી.તેઓને મુદ્દામાલ બતાવવામાં આવે તો તે તેઓ ઓળખી શકે નહી.સદર બન્ને પંચ

સાહેદોની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.સદર કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ નો હુકમ થયેલ હતો પરંતુ સદર આરોપી પાછળથી મળી આવેલ હોય આંક-૪૨ થી ઉલટ તપાસ કરવામાં માંગતા ન હોવાની પુરસીસ આપેલ છે.

**<u>આરોપી અટક ના પંચનામામાં પંચ સાહેદોના પુરાવાઓ:-</u>**

**(૧૦.૭)** આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૨૨ થી રજુ આરોપી અટકના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૨૧ થી પંચ સાહેદ જયંતિભાઈ રુપસંગભાઈ ઓડનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર કામે પંચ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૦૫-૧૦-૨૦૦૬ ના રોજ એક લખેલા તૈયાર પંચનામામાં પોલીસે તેઓની સહી લીધેલી. પંચનામું શેનું હતું તેની તેઓને ખબર નથી. તેઓ આરોપીને અટક કર્યા અંગેનું પંચનામું કરવા માટે પોલીસ સાથે કોઇ જગ્યાએ ગયેલા નહી. તેઓ આરોપીને ઓળખી શકે નહી. તેઓએ સદર પંચનામામાં તેઓએ પંચ નં.૧ તરીકે સહી કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ પંચ સાહેદની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. જેથી પંચ સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને માની શકાય નહી. પંચ સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.સદર કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ નો હુકમ થયેલ હતો પરંતુ સદર આરોપી પાછળથી મળી આવેલ હોય આંક-૪૨ થી ઉલટ તપાસ કરવામાં માંગતા ન હોવાની પુરસીસ આપેલ છે.

**<u>આરોપી અટક ના પંચનામામાં પંચ સાહેદોના પુરાવાઓ:-</u>**

**(૧૦.૮)** આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૨૪ થી રજુ આરોપી અટકના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૨૩ થી પંચ સાહેદ પ્રજ્ઞેશભાઇ કુબેરભાઇ પટેલનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર કામે પંચ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે દસ બાર વર્ષ અગાઉ એક લખેલા તૈયાર પંચનામામાં પોલીસે તેઓની સહી લીધેલી. પંચનામું શેનું હતું તેની તેઓને ખબર નથી. તેઓ આરોપીને

અટક કર્યા અંગેનું પંચનામું કરવા માટે પોલીસ સાથે કોઇ જગ્યાએ ગયેલા નહી. તેઓ આરોપીને ઓળખી શકે નહી. તેઓએ સદર પંચનામામાં તેઓએ પંચ નં.૧ તરીકે સહી કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ પંચ સાહેદની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. જેથી પંચ સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને માની શકાય નહી. પંચ સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.સદર કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ નો હુકમ થયેલ હતો પરંતુ સદર આરોપી પાછળથી મળી આવેલ હોય આંક-૪૨ થી ઉલટ તપાસ કરવામાં માંગતા ન હોવાની પુરસીસ આપેલ છે.

**<u>સાહેદનો પુરાવો-</u>**

**(૧૦.૯)** આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ ગોપીચંદ શંકરલાલ શર્માનાઓને આંક:૩૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,બનાવ સમયે તેઓ શંકર વિજય મોટર બોડી નામના ગેરેજમાં મિકેનિક તરીકે કામ કરતા હતા. બનાવ અંગે તેઓને કોઇ જાત માહિતી નથી. તેઓ બનાવ વિષે કાંઇ જાણતા નથી. બનાવ સંદર્ભે પોલીસે તેઓની કોઇ પુછપરછ કરેલી નહી હોવાની હકીકત જણાવેલ છે. સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય, ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવા છતાં પણ ફરિયાદ હકીકતને અનુરૂપ કોઈ પુરાવો તેમની જુબાનીથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.સદર સાહેદ ફરિયાદપક્ષને સમર્થનકર્તા માની શકાય નહી.સદર કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ નો હુકમ થયેલ હતો પરંતુ સદર આરોપી પાછળથી મળી આવેલ હોય આંક-૪૨ થી ઉલટ તપાસ કરવામાં માંગતા ન હોવાની પુરસીસ આપેલ છે.

**<u>આરોપી અટક તથા મુદામાલ રીકવરીના પંચનામામાં પંચ સાહેદોના પુરાવાઓઃ-</u>**

**(૧૦.૧૦)** આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૩૩ થી રજુ આરોપી અટક તથા મુદામાલ રીકવરી પંચનામાને પુરવાર કરવા માટે આંક-૩૨ થી પંચ સાહેદ અશ્વિન રસીકલાલ ઠકકરનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર કામે પંચસાહેદે તેમના સોગંદ

ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે દસ બાર વર્ષ અગાઉ એક લખેલા તૈયાર પંચનામામાં પોલીસે તેઓની સહી લીધેલી. પંચનામું શેનું હતું તેની તેઓને ખબર નથી. તેઓ આરોપીને અટક કર્યા અંગેનું પંચનામું કરવા માટે પોલીસ સાથે કોઇ જગ્યાએ ગયેલા નહી. તેઓ આરોપીને ઓળખી શકે નહી. તેઓએ સદર પંચનામામાં તેઓએ પંચ નં.૧ તરીકે સહી કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

સદર પંચ સાહેદ ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ પંચ સાહેદની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. જેથી પંચ સાહેદના પુરાવાથી ફરિયાદ પક્ષના પંચનામાની હકીકતને માની શકાય નહી. પંચ સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.સદર કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ નો હુકમ થયેલ હતો પરંતુ સદર આરોપી પાછળથી મળી આવેલ હોય આંક-૪૨ થી ઉલટ તપાસ કરવામાં માંગતા ન હોવાની પુરસીસ આપેલ છે.

<u>**સાહેદોના પુરાવાઓ-**</u>

**(૧૦.૧૧)** આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ અશોકકુમાર રામભાઈ ચાવડાનાઓને આંક-૪૪ થી તપાસવામાં આવેલા છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, - સને- ૨૦૦૬ મા આર.આર.સેલ અમદાવાદ રેન્જમા અ.હે.કો તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૩-૦૯-૨૦૦૬ ના રોજ ના. પોલીસ મહાનિરીક્ષકશ્રીનાઓએ સુચના આપેલ કે વિરમગામ દેત્રોજ આઈઓસી લાઈનમાં નુકશાન કરી ચોરીનો ગુનો બનેલ છે. તે બાબતે પેટ્રોલીંગ કરી વોચમાં રહેવા સૂચના કરેલ જે અંગે તેઓ તથા આર.આર.સેલ ના પોલીસ સ્ટાફના માણસો ઘનશ્યામસિંહ શંભુભા વિગેરેનાઓ સાથે તેઓ સરકારી વાહન સાથે પેટ્રોલીંગ દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર વિઠ્ઠલાપુર ચોકડી થી દેત્રોજ ના રોડ ઉપર પેટ્રોલીંગમા હતા અને દેકાવાડા ગામ રોડ ઉપર અમો સરકારી વાહન સાથે ઉભા હતા. તે દરમિયાન રામપુરા ગામ તરફ એક મો.સા ઉપર એક ઈસમ આવતો હતો જેને તેઓ પોલીસને જોઈને પાછો વળી ગયેલ જેથી તેનો પીછો કરી તેને પકડેલ અને તેઓની સાથેના જમાદાર ભવાનસિંહનાઓએ પંચોના માણસો બોલાવી સદર ઈશમનુ નામ પુછતા સાગરભાઈ સરતાનભાઈ રબારી, રહે- બાદલપુર, મહેસાણાનો હોવાનુ જણાવેલ જેને

પોતાની હાજરી બાબતે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી. તેથી સાથેના અ.હે.કો ભવાનસિંહ દલપતસિંહ સીઆરપીસી ૧૦૯ મુજબ કાર્યવાહી કરેલ છે. મોટરસાઈકલ જે ઈસમ પાસેથી એક યામાહા મો.સા જીજે.૦૨.એસ.૭૫૫૦ નુ કબજે કરવામા આવેલ. તેઓની સાથેના અ.હે.કો ભવાનસિંહ દલપતસિંહનાઓએ કબજે કરવામાં આવેલ. જેનુ વિગતવારનુ પંચનામુ કલાક ૧૬:૩૦ થી ૧૭:૧૫ સુધીનુ કરવામાં આવેલ. આ બાબતે અ.હે.કો ભવાનસિંહનાઓએ તેઓનું નિવેદન લીધેલ.તેઓ આરોપીને જોયેથી ઓળખી શકે હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,આવો કોઈ ઓઈલ ચોરીનો બનાવ તેઓ નજરે જોયેલ નથી. જે જગ્યાએથી ચોરી થયેલ તે જગ્યાએ તેઓ ગયેલા હોય તેવું બનેલ નથી. તેમજ હાલના આરોપીની અટક તેઓએ કરેલી નથી.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૦.૧૨)** આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ ઘનશ્યામસિંહ શંભુભા રાણાનાઓને આંક-૪૫ થી તપાસવામાં આવેલા છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, - સને- ૨૦૦૬ મા આર.આર.સેલ અમદાવાદ રેન્જમા પો.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૩-૦૯-૨૦૦૬ ના રોજ ના. પોલીસ મહાનિરીક્ષકશ્રીનાઓએ સુચના આપેલ કે વિરમગામ દેત્રોજ આઈઓસી લાઈનમાં નુકશાન કરી ચોરીનો ગુનો બનેલ છે. તે બાબતે પેટ્રોલીંગ કરી વોચમાં રહેવા સૂચના કરેલ જે અંગે તેઓ તથા આર.આર.સેલ ના પોલીસ સ્ટાફના માણસો અશોકસિંહ વિગેરેનાઓ સાથે તેઓ સરકારી વાહન સાથે પેટ્રોલીંગ દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર વિઠ્ઠલાપુર ચોકડી થી દેત્રોજ ના રોડ ઉપર પેટ્રોલીંગમા હતા અને દેકાવાડા ગામ રોડ ઉપર અમો સરકારી વાહન સાથે ઉભા હતા. તે દરમિયાન રામપુરા ગામ તરફ એક મો.સા ઉપર એક ઈસમ આવતો હતો જેને તેઓ પોલીસને જોઈને પાછો વળી ગયેલ જેથી તેનો પીછો કરી તેને પકડેલ અને તેઓની સાથેના જમાદાર ભવાનસિંહનાઓએ પંચોના માણસો બોલાવી સદર ઈશમનુ નામ પુછતા સાગરભાઈ સરતાનભાઈ રબારી, રહે- બાદલપુર, મહેસાણાનો હોવાનુ જણાવેલ જેને પોતાની હાજરી બાબતે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી. તેથી સાથેના અ.હે.કો ભવાનસિંહ દલપતસિંહ સીઆરપીસી ૧૦૯ મુજબ કાર્યવાહી કરેલ છે.

મોટરસાઈકલ જે ઈસમ પાસેથી એક યામાહા મો.સા જીજે.૦૨.એસ.૭૫૫૦ નુ કબજે કરવામા આવેલ. તેઓની સાથેના અ.હે.કો ભવાનસિંહ દલપતસિંહનાઓએ કબજે કરવામાં આવેલ. જેનુ વિગતવારનુ પંચનામુ કલાક ૧૬:૩૦ થી ૧૭:૧૫ સુધીનુ કરવામાં આવેલ. આ બાબતે અ.હે.કો ભવાનસિંહનાઓએ તેઓનું નિવેદન લીધેલ.તેઓ આરોપીને જોયેથી ઓળખી શકે હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,આવો કોઈ ઓઈલ ચોરીનો બનાવ તેઓ નજરે જોયેલ નથી. જે જગ્યાએથી ચોરી થયેલ તે જગ્યાએ તેઓ ગયેલા હોય તેવું બનેલ નથી. તેમજ હાલના આરોપીની અટક તેઓએ કરેલી નથી.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૦.૧૩)** આ કામે ફરિયાદપક્ષ તરફે તપાસ કરનાર અમલદાર રાકેશકુમાર શ્રીદયાલ શર્માનાઓને આંક-૬૮ થી તપાસવામાં આવેલા છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, સને- ૨૦૦૬ મા આર.આર.સેલ અમદાવાદ રેન્જમા પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતો ત્યારે તા.૨૪-૦૯-૨૦૦૬ ના રેન્જ આઈ.જીશ્રીના હુકમથી સદરહુ ગુનાની તપાસ સંભાળવાનો હુકમ થતા આ કામે તપાસ દેગોજ પી એશ.આઈ. શ્રી એમ.એ.ચાવડા પાસેથી તેઓએ સંભાળી લઈ કેસ પેપરોનો અભ્યાસ કરી આ કામે પ્રથમ આરોપી સાગરભાઈ રબારી વિરુધ્ધ પુરતા પુરાવા હોય સાગર રબારીને પંચોની હાજરીમા પંચનામા નિમિતે આરોપીને અટક કરેલ. જે આ કામે આંક-૫૪ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ અંબાલાલ મોહનદાસ સાધુ તથા પંચ નં. ૨ ભુપતસંગ ગૌડાજી ઠાકોર જેમા આ બન્ને પંચોએ તેઓના રૂબરૂ સહી કરેલ. ત્યારબાદ આ કામે અન્ય આરોપીઓ સનતકુમાર સીતારામભાઈનુ નામ ખુલતા તેઓને પણ પંચનામાની નિમિતે અટક કરેલ જેમા પંથો ૧, ભરતભાઈ ગોવિંદભાઈ ચક્રવર્તી તથા ૨. હિરાભાઈ કરશનભાઈ પટણીનાઓ રૂબરૂ મોબાઈલ સાથે અટક કરેલ. તે પંચનામાની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જેમા પંચ નં. ૧ તરીકે ભરતભાઈની તથા પંચ નં. ૨ તરીકે હિરાભાઈ કરશનભાઈ ની સહી છે અને રૂબરૂ તરીકે તેઓની સહી છે.જે આ કામે આંક-૬૫ થી રજુ છે. તપાસના કામે અન્ય આરોપી મોહમદહનીફ અબ્દુલ વાહીદનુ નામ ખુલતા તેઓને પણ પંચનામાની નિમિતે અટક કરેલ જેમા પંચો ૧. આસીફ ગુલામ ફરીદ શેખ તથા ૨. દિનેશભાઈ

ચુનીલાલ સંગાડાનાઓ રૂબરૂ મોબાઈલ સાથે અટક કરેલ. તે પંચનામાની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જેમા પંચ નં. ૧ તરીકે આસીફ ગુલામ ફરીદ શેખ ની તથા પંચ નં. ૨ તરીકે દિનેશભાઈ ચુનીલાલ સંગાડાની સહી છે અને રૂબરૂ તરીકે તેઓની સહી છે. જે આ કામે આંક-૬૬ થી રજુ છે. તપાસના કામે અન્ય આરોપી ઉદય કેશવલાલ પરબને પણ આંક-૬૮ મુજબના પંચનામા મુજબ પંચો રૂબરૂ અટક કરેલ. ત્યારબાદ આરોપી ઉદય કેશવે ઉપયોગમા લીધેલ ટેન્કર રજુ કરતો હોય પંચોની હાજરીમા તેઓના બતાવ્યા પ્રમાણે જગ્યા પર પહોંચી પંચનામા નિમિતે ટેન્કર કબજે કરેલ જે પંચનામું આંક-૧૦૮ થી રજુ છે.તપાસના કામે અન્ય આરોપી અબ્દુલ કાદર જીવાભાઈ ઘાંચી ને પંચો રૂબરૂ અટક કરેલ જે પંચનામુ આંક-૯૭ થી રજુ છે.ત્યારબાદ આ કામે આરોપી ભરત કાંતીલાલ શાહને પણ બે પંચોની હાજરીમા પંચનામાની નિમિતે અટક કરેલ. ત્યારબાદ આ કામે આરોપી શહીદ ઉર્ફે ભગાભાઈ પ્રતાપસિંહને પણ બે પંચોની હાજરીમા પંચનામાની નિમિતે અટક કરેલ.ત્યારબાદ આ કામે આરોપી જુબેરભાઈ હુસેનભાઈ શેખ અને રાજુભાઈ ઉર્ફે કાણીયો કુંભાજી રાજપુતને પણ બે પંચોની હાજરીમા પંચનામાની નિમિતે અટક કરેલ. ત્યારબાદ આ કામે લાગતા વળગતા પોલીસના તેમજ ઓ.એન.જી.સી.ના કર્મચારીઓના તેઓએ લખાવ્યા મુજબ નિવેદનો લખી લીધેલ. તેમજ આ કામે બનાવવાળી જગ્યા ઉપર આ કામના ફરિયાદી ડે. મેનેજર ઠક્કર સાહેબે આરોપીઓએ ગુનાના કામે પાઈપ ઉપર લગાવેલ ક્લેમ્પ જેમા બન્ને બાજુ 6*6 હોલ છે તે ક્લેમ્પ પંચો ૧. રઝાકભાઈ દાવલભાઈ બેલીમ તથા ૨ હનીફભાઈ રસુલભાઈ બેલીમ રૂબરૂ તેઓએ પંચનામુ કરી કબજે લીધેલ. ત્યારબાદ તેઓની બદલી આણંદ ખાતે થતાં આ કામની તપાસ એ.એસ.આઇ. રતનસિંહને સોંપેલ. તેઓ આરોપીઓને જોયેથી ઓળખી શકે હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં, બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઇન્કાર કરવામાં આવેલ છે.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**<u>સાહેદનો પુરાવો-</u>**

**(૧૦.૧૪)** આ કામે ફરિયાદ પક્ષ તરફે સાહેદ જંયતિભાઇ ચેલુભાઇનાઓને આંક:૬૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે,બનાવ

કયારે બન્યો હતો, કઇ જગ્યાએ અને કયા સમયે બનેલો તે તેઓને ખબર નથી. બનાવ વિશે તેઓ કાઇ જાણતા નથી તેઓ ઘણા વર્ષો પહેલા આઇ.ઓ.સી.કંપનીમાં તેઓને મજુરી માટે બોલાવે ત્યારે મજુરી કામે ગયેલ તે સમયે પોલીસે તેઓની પુછપરછ કરેલી. તે સિવાય તેઓ કશું જાણતા નથી. તે વખતે તેઓની સાથે ભરતભાઇ તથા રણછોડભાઇ પણ હતા.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય, ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવા છતાં પણ ફરિયાદ હકીકતને અનુરૂપ કોઈ પુરાવો તેમની જુબાનીથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં,તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓનું માત્ર નામ અને સરનામું પુછેલું તે સિવાય અન્ય કોઇ વિગત તેઓને ખબર નથી. તેઓની હાજરીમાં કોઇ મુદામાલ તેઓને બતાવીને કબજે કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. જેથી સદર સાહેદ ફરિયાદપક્ષને સમર્થનકર્તા માની શકાય નહી.

**<u>તપાસ કરનાર અમલદારનો પુરાવો-</u>**

**(૧૦.૧૫)** આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ ભવાનસિંહ દલપતસિંહ વાઘેલાનાઓને આંક-૧૫૨ થી તપાસવામાં આવેલા છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, સને- ૨૦૦૬ મા આર.આર. સેલ અમદાવાદ રેન્જમા અ.હે.કો તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૨૩-૦૯-૨૦૦૬ ના રોજ ના. પોલીસ મહાનિરીક્ષકશ્રીનાઓએ સુચના આપેલ કે, વિરગામ દેત્રોજ આઈઓસી લાઈનમાં નુકશાન કરી ચોરીનો ગુનો બનેલ છે. તે બાબતે પેટ્રોલીંગ કરી વોચમા રહેવા સુચના કરેલ. જે અંગે તેઓ તથા આર.આર.સેલ ના પોલીસ સ્ટાફના માણસો અશોકસિંહ,ઘનશ્યામસિંહ વિગેરેનાઓ સાથે તેઓ સરકારી વાહન સાથે પેટ્રોલીંગ દેત્રોજ પોલીસ સ્ટેશન વિસ્તાર વિઠ્ઠલાપુર ચોકડી થી દેત્રોજ ના રોડ ઉપર પેટ્રોલીંગમા હતા અને દેકાવાડા ગામ રોડ ઉપર તેઓ સરકારી વાહન સાથે ઉભા હતા. તે દરમિયાન રામપુરા ગામ તરફ એક મો.સા ઉપર એક ઈસમ આવતો હતો જેને તેઓ પોલીસને જોઈને પાછો વળી ગયેલ જેથી તેનો પીછો કરી તેને પકડેલ અને તેઓની સાથેના તેઓએ પંચોના માણસો બોલાવી સદર ઈશમનુ નામ પુછતા સાગરભાઈ સરતાનભાઈ રબારી, રહે- બાદલપુર, મહેસાણાનો હોવાનુ જણાવેલ. જેને પોતાની હાજરી બાબતે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી. તેથી સાથેના તેઓએ સીઆરપીસી

૧૦૯ મુજબ કાર્યવાહી કરેલ છે. મોટરસાઈકલ જે ઈસમ પાસેથી એક યામાહા મો.સા જીજે.૦૨.એસ.૭૫૫૦ નુ કબજે કરવામાં આવેલ. તેઓની સાથેના અ.હે.કો ભવાનસિંહ દલપતસિંહનાઓએ કબજે કરવામા આવેલ. જેનુ વિગતવારનુ પંચનામુ કલાક ૧૬:૩૦ થી ૧૭:૧૫ સુધીનુ કરવામાં આવેલ. આ બાબતે તેઓએ દેત્રોજ પો.સ્ટે. સ્ટે.ડા એન્ટ્રી નં.૮૦૬, તા.૨૩-૦૯-૨૦૦૬ થી સીઆરપીસી કલમ-૧૦૯ મુજબ નોંધ કરાવેલ. ત્યારબાદ બીજા દિવસે તેને દેત્રોજ પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર.નં.૧૨/૦૬, ઈ.પી.કો કલમ-૩૭૯,૫૧૧ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટીઝ એકટ કલમ-૩,૭ મુજબના ગુનાની જગ્યા બતાવતા હોય તે બાબતે તેઓએ પંચો સાથે તા.૨૪-૦૯-૨૦૦૬, કલાક ૧૨:૩૦ થી ૧૪:૧૫ સુધીનું વિગતવારનું પંચનામું કરેલ. જેમાં બે પંચોની તથા રુબરુ તરીકે તેઓની સહી છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, આ કામે હાલના આરોપી સામે કોઇ કામગીરી કે કોઇ તપાસ તેઓએ કરેલ નથી. સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૦.૧૬)** આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ રણછોડભાઈ ઢીંગાભાઈ ગોહીલનાઓને આંક-૭૦ થી તથા સાહેદ ભરતભાઈ કેહરભઆઇ ગોહિલનાઓને આંક-૭૧ થી તપાસવામાં આવેલા છે. સાહેદોએ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, બનાવ ક્યારે બન્યો હતો, કઈ જગ્યાએ અને કયા સમયે બનેલો તે તેઓને ખબર નથી. બનાવ વિશે તેઓ કાઈ જાણતા નથી. તેઓ ઘણા વર્ષો પહેલા આઈ.ઓ.સી કંપનીમાં તેઓને મજુરી માટે બોલાવે ત્યારે મજુરી કામે ગયેલ તે સમયે પોલીસે તેઓની પુછપરછ કરેલી. તે સીવાય તેઓ કશુ જાણતા નથી.સદર સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય, ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રીએ તેઓને ફરી ગયેલ સાહેદો તરીકે જાહેર કરવા છતાં પણ ફરિયાદ હકીકતને અનુરૂપ કોઈ પુરાવો તેમની જુબાનીથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

જ્યારે બચાવપક્ષે સદર સાહેદોની ઉલટ-તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓનું માત્ર નામ સરનામું પુછેલું તે સિવાય અન્ય કોઇ વિગત તેઓને ખબર નથી. તેઓની હાજરીમાં કોઇ મુદામાલ તેઓને બતાવીને કબજે કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. આમ, સદર સાહેદોના પુરાવાથી ફરિયાદ હકીકતને પુરવાર

માની લઈ શકાય તેવો પુરાવો તેમની સોગંદ ઉપરની જુબાનીથી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર સાહેદો ફરિયાદપક્ષને સમર્થનકર્તા માની શકાય નહી.

**(૧૦.૧૭)** આ કામે ફરિયાદપક્ષ તરફે તપાસ કરનાર અમલદાર અબ્દુલહમીદ ઉસ્માનખાન પઠાણનાઓને આંક-૭૩ થી તપાસવામાં આવેલા છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,સને- ૨૦૧૦ માં તેઓ દેત્રોજ પોલીસ સ્ટેશનમાં પો.સ.ઇ. તરીકે ફરજ હજાવતા હતા તે દરમિયાન વિરમગામ રૂરલ પો.સ્ટે.થી વાયરલેસ મેસેજ આવેલ કે વિરમગામ રૂરલ પો.સ્ટે.૧૦/૧૦ ના કામમાં પઠાણ ઇમ્તીયાઝખાન રહીમખાન મંડાલીવાળાને અટક કરેલ છે અને પુછપરછમાં તે આરોપીએ દેત્રોજ પો.સ્ટે.ની હદમાં પણ ઓઇલ ચોરી કરવાની કબુલાત કરતો હોય યોગ્ય કાર્યવાહી કરવા સારુ મેસેજ કરેલ જે આધારે સદરહું આરોપીની મુળ કસ્ટડી ભીમાસર ફર્સ્ટ ૪૦/૧૦ ના કામમાં હોવાથી રાપર નામ કોર્ટનું આરોપી અટક કરવા સારુ ટ્રાન્સફર વોરંટ લેવું જરૂરી હોય ટ્રાન્સફર વોરંટ મેળવી વિરમગામ કોર્ટમાં રજુ કરી કરશનજીએ આરોપી મેળવી તેઓની સમક્ષ રજુ કરેલ. જે આરોપીને તેઓએ નિવેદન લઇ તા.૦૭-૧૨-૨૦૧૦ ના રોજ અટક કરેલ અને ત્યારબાદ તા.૧૮-૧૨-૨૦૧૦ ના રોજ નામદાર કોર્ટમાં રજુ કરી દિન-૧ ના રીમાન્ડ મેળવેલ, આરોપી પાસેથી આ ગુના સિવાય બીજી કોઇ માહિતી ન મળતા તા.૧૯-૧૨-૨૦૧૦ ના રોજ કોર્ટમાં રજુ કરવામાં આવેલ અને તેઓને બંદોબસ્તમાં જવાનું હોવાથી આ કામની તપાસ હે.કો.મુળચંદભાઇને સોપેલ. તેઓ આરોપીને ઓળખી શકે હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં,તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના કામે આરોપી પાસેથી કોઇ રીકવરી કે ડિસ્કવરી કરવામાં આવેલ નથી.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૦.૧૮)** આ કામે ફરિયાદપક્ષ તરફે તપાસ કરનાર અમલદાર મહોબતસિંહ અભુજી ચાવડાનાઓને આંક-૭૫ થી તપાસવામાં આવેલા છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,સને- ૨૦૦૬ માં તેઓ પી.એસ.આઇ તરીકે દેત્રોજમાં ફરજ બજાવતા હતા. તે દરમિયાન તા. ૨૨/૦૯/૨૦૦૬ ના રોજ મહેશકુમાર ભાઇલાલભાઈ દુબ્લનાઓએ આરોપીઓ વિરુધ્ધ પી.એસ.ઓ નરસિહભાઈ રામાભાઈના રુબરુ ફરીયાદ આપી. ત્યારબાદ આગળની તપાસ તેઓએ સંભાળેલી તપાસ સંભાળ્યા બાદ તેઓએ

તા.૨૩/૦૯/૨૦૦૬ ના રોજ રણછોડભાઈ ઢાંગાભાઈ પટેલ તથા જયંતિભાઈ ચેનુભાઈ ગોહીલનું નિવેદન લીધું. ત્યારબાદ આગળની વધુ તપાસ તા. ૨૪/૦૯/૨૦૦૬ ના રેન્જ આઈ.જી શ્રી ના હુકમથી આર.આર.સેલના પી.એસ.આઈ શ્રી આર.એસ.શર્માના એ સંભાળી.તે સિવાય તેઓએ કોઇ કામગીરી કરેલી નહીં. આરોપીઓને ઓળખી શકે નહીં હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં,તેઓને સવાલ કરેલ છે કે,તા.૨૪-૦૯-૨૦૦૬ ના રોજનો આઇ.શ્રી નો હુકમ તપાસના કામે લેખિત કે મૌખિક મળેલ ? તેના જવાબમાં જણાવેલ છે કે, હાલ તેઓને ઉમરના કારણે તે યાદ નથી. તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઇન્કાર કરવામાં આવેલ છે.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૦.૧૯)** આ કામે ફરિયાદપક્ષ તરફે તપાસ કરનાર અમલદાર નરસિંહભાઈ રામાભાઈ પરમારનાઓને આંક-૭૮ થી  તપાસવામાં આવેલા છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,સને- ૨૦૦૬ માં તેઓએ એ.એસ.આઈ તરીકે દેત્રોજમાં ફરજ બજાવતા હતા તે દરમિયાન તા.૨૨/૦૯/૨૦૦૬ ના રોજ પી.એસ.ઓ તરીકે પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા તે દરમ્યાન મહેશકુમાર ભાઇલાલભાઈ દુબ્લનાઓ આવેલા. જેઓ તે સમયે આઈ.ઓ.સી.માં સીનીયર એન્જીનીયર તરીકે ફરજ બજાવતા હતા અને તે દરમ્યાન કોઇ વ્યકિત ધ્વારા ફોન ઉપર જણાવવામા આવેલ કે, રામપુરા કાચી કેનાલ પાસે ટેન્કરમાથી ઓઇલ ચોરી થાય છે અને તેઓએ તપાસ કરેલ અને જણાયેલ નહી અને ત્યારબાદ ઓ.એન.જી.ના ઓફીસર ઠાકોર સાહેબનાઓએ મહેસાણાથી જણાવેલ કે, દેકાવાડાની ઓ.એન.જી.ની પાઈપલાઈન તપાસ કરો તેથી તેઓએ તપાસ કરેલ કે મેઇનલાઈનને કાણુ પાડી ઓઈલ ચોરી કરવાનુ પ્રયત્ન કરેલ તે બાબતના અજાણ્યા ઇસમ વિરુધ્ધ તેઓના રૂબરૂ ફરીયાદ આપેલ. જે આ કામે આંક-૬૨ થી રજુ છે.ત્યારબાદ તેઓએ પી.એસ.ઓ. તરીકે તે ફરીયાદ દાખલ કરી જેનો દેત્રોજ ગુ.ર.નં.ફસ્ટ-૫૨/૦૬ રજીસ્ટર કરી આગળની તપાસ ભવાનસિંહનાઓને સોંપેલી. તેઓને નામદાર કોર્ટમા રજુ અસલ એફ.આઇ.આર બતાવવામાં આવે છે જેમા ફરીયાદીની સહી છે તેમજ પી.એસ.ઓ. તરીકે તેઓની સહી છે જે આ કામે આંક-૭૯ થી રજુ હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં,તેઓને સવાલ કરેલ છે કે,૨૨/૦૯/૨૦૦૬ ના રોજ કેટલા વાગે અને કોણ ફરીયાદ લખાવવા આવેલ ? તેના જવાબમાં જણાવેલ છે કે,મહેશભાઇ ભઇલાલભાઈનાઓ બપોરના ફરીયાદ આપવા આવેલ મને ચોકકસ સમય હાલમાં યાદ નથી. વધુમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,ફરિયાદમાં જણાવેલ છે કે,ઓ.એન.જી.ના ઠાકોર સાહેબનાઓના કહેવાથી ફરિયાદ આપેલ. તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઇન્કાર કરવામાં આવેલ છે.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૦.૨૦)** આ કામે ફરિયાદપક્ષ તરફે તપાસ કરનાર અમલદાર ધનંજયસિંહ સુરેન્દ્રસિંહ વાઘેલાનાઓને આંક-૮૦ થી તપાસવામાં આવેલા છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,સને- ૨૦૦૭ માં તેઓ પોલીસ સબ-ઇન્સ્પેકટર તરીકે આર.આર.સેલ અમદાવાદ રેન્જમા ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૧૪.૦૨.૨૦૦૭ના રોજ મે દેત્રોજ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.પર/૨૦૦૬, ઇ.પી.કો.ક.૩૭૯, ૫૧૧ તથા ડેમેજી ટુ ધી પબલીક પ્રોપર્ટી એકટ-૩,૭ મુજબના ગુનાની તપાસ આર.આર.સેલના એ.એસ.આઇ. રતનસિંહ પુજાભાઇનાઓએ સંભાળેલ. બાદ આ કામે પકડવા ઉપર બાકી આરોપીઓ ઝુબેર શેખ અને રાજુભાઈ કુંભાજી રાજપુતનાઓ આર.આર.સેલની કચેરી ખાતે આવી રજુ થતા તેઓની ગુનાના કામે જરૂરી પુછપરછ કરી તેઓના લખાવ્યા મુજબના નિવદેનો લખી લઇ કામે સામેલ રાખેલા અને તેઓની ગુનાના કામે ધરપકડ કરવામા આવેલ અને મજકુર આરોપીઓને મુદત અંદર નામ.કોર્ટ કસ્ટડીમાં રજુ કરી તેઓના રીમાન્ડ મેળવવામા આવેલા. બાદ આ કામે મજકુર આરોપીઓના રીમાન્ડ પુરા થતાં તેઓને મુદત અંદર કોર્ટ કસ્ટડીમા મોકલી આપેલા અને આ કામના અગાઉ ત.ક.અમલદાર ધ્વારા અટક કરાવામા આવેલા આરોપીઓ તથા તેઓએ અટક કરેલ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોઇ,તેઓએ નામ.કોર્ટમાં તમામ આરોપીઓની ચાર્જશીટ ફાઇલ કરેલ. આરોપીઓને જોયેથી તેઓ ઓળખી શકે હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ બચાવપક્ષે સદર સાહેદોની ઉલટ-તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ચાર્જશીટ સાથે તપાસ મળ્યા અંગેનો કોઇ લેખિત આધાર

પુરાવો રજુ રાખેલ નથી. આ ગુનાના કામે તેઓએ કોઇ સાહેદના કે પંચોના નિવેદનો લીધેલા નથી.તે સિવાય બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ બચાવનો ઇન્કાર કરવામાં આવેલ છે.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૦.૨૧)** આ કામે ફરિયાદપક્ષ તરફે તપાસ કરનાર અમલદાર મુળચંદભાઇ નાથાભાઇ જાદવનાઓને આંક-૮૫ થી તપાસવામાં આવેલા છે. સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,સને ૨૦૧૦ માં તેઓ દેત્રોજ પો.સ્ટેમાં એ.એસ.આઇ તરીકે રામપુરા ઓપી માં ફરજ બજાવતા હતા. તે દરમિયાન વિરમગામ રૂલર પો.સ્ટેની ફ.ગુ.રજી.નં ૧૦/૨૦૧૦ ના ગુનાના કામે ઇમ્તીયાઝ રહીમખાન પઠાણ રહે.મંડાલીનાઓ પકડાયેલ હોઇ પુછપરછ દરમિયાન દેત્રોજ પોલીસ સ્ટેશન ફ.ગુ.રજી નં.૫૨/૨૦૦૬ માં સંડાવાયેલ હોવાની કબુલાત કરેલ અને સદર ગુનામાં દેત્રોજ પો.સ્ટેમાં નાસતો ફરતો હોય આ કામે સદર આરોપીને મુળ કસ્ટડી ભીમાસર પો.સ્ટે ફ.ગુ.રજી ૪૦/૨૦૧૦ ના કામે રાપર(કચ્છ) કોર્ટની હોઇ જે કામે પો.સ.ઇ શ્રી એ.યુ. પઠાણનાઓએ દેત્રોજ પો.સ્ટે ગુનાના કામે કસ્ટડી મેળવવા સારૂ રાપર કોર્ટમાંથી ટ્રાન્સફર વોરંટ મેળવવા નામદાર કોર્ટમાં તે એ.એસ.આઇ કરશનજી જવાનજીઓના નામનું નામદાર કોર્ટને રીપોર્ટ કરેલ જે ટ્રાન્સફર વોરંટથી આરોપીનો કબ્જો મેળવી તા.૧૭.૧૨.૨૦૧૦ ના રોજ દેત્રોજ પો.સ્ટે લાવી રજુ કરેલ. આ કામે આરોપીને અટક કરી આગળની તપાસ કરેલ. ત્યારબાદ પંચ (૧) મુકેશકુમરા ચંદુભાઇ નાયક તથા (૨) રાજેશજી વાઘાજી ઠાકોરનાઓ રૂબરૂ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ. જ્યાંથી કોઇ ચીજવસ્તુ મળી આવેલ નહીં. આ કામે અગાઉ પ્રથમ ચાર્જશીટ થયેલ હોઇ તે કાગળો સદર કેસમાં સામેલ રાખેલ અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળતા નામદાર કોર્ટમાં પુરવણી ચાર્જશીટ કરી મોકલી આપેલ. આ કામના આરોપીને જોયેથી ઓળખી શકે હોવાની હકીકત જણાવેલ છે.

તે બાદ બચાવપક્ષે સદર સાહેદોની ઉલટ-તપાસ કરતા તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, આરોપીની હાજરીમાં કોઇ મુદામાલ મળી આવેલ નથી. તેમજ આ કામે આરોપીની અટક અને અટક પંચનામા સિવાય અન્ય કોઇ કામગીરી તેઓએ કરેલ નથી.સદર સાહેદની જુબાનીનું વિશેષ વિશ્લેષણ પુરાવાના મુલ્યાંકન સમયે એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૧) પુરાવાના મૂલ્યાંકન કરવા માટેના ન્યાયિક માપદંડો અને સિદ્ધાંતો : :**

ફોજદારી ન્યાયશાસ્ત્રનો પાયાનો સિદ્ધાંત એવો છે કે કોઈપણ ફોજદારી ટ્રાયલના કેન્દ્રમાં 'નિર્દોષતાની પૂર્વધારણા' રહેલી છે. આ એક એવો સુવર્ણ સિદ્ધાંત છે જે સ્વીકારે છે કે જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો ગુનો શંકાથી પર રહીને પૂરવાર ન થાય, ત્યાં સુધી અદાલતે તેને નિર્દોષ જ માનવાનો રહે છે. ન્યાયિક પ્રક્રિયાનો હેતુ માત્ર સત્ય શોધવાનો જ નથી, પરંતુ એ સુનિશ્ચિત કરવાનો પણ છે કે કોઈ નિર્દોષ વ્યક્તિ કાયદાની પ્રક્રિયામાં અયોગ્ય રીતે દંડાય નહીં.

પુરાવાનો બોજો અને તેની મર્યાદા: ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ અને ૧૦૨ મુજબ, કેસને પૂરવાર કરવાનો સંપૂર્ણ અને અંતિમ બોજો ફરિયાદ પક્ષ પર રહેલો છે. આ બોજો ક્યારેય સ્થળાંતરિત થતો નથી. આરોપીનો બચાવ નબળો હોય અથવા આરોપી મૌન રહે, તેનાથી ફરિયાદપક્ષનો કેસ આપોઆપ પૂરવાર થયેલો ગણી શકાય નહીં. જો પુરાવાના મૂલ્યાંકન બાદ ફરિયાદપક્ષનો કેસ વાજબી શંકા જન્માવે, તો તે શંકાનો લાભ મેળવવો એ આરોપીનો કાનૂની હક બને છે.

અહીં નિઃશંક પુરવાર કરવા નો અર્થ એવો નથી કે અદાલતે કલ્પિત કે અતાર્કિક શંકાઓ કરવી. નામદાર સર્વોચ્ચ અદાલતે વારંવાર પ્રસ્થાપિત કર્યું છે કે, શંકા વાજબી હોવી જોઈએ, તરંગી નહીં. પુરાવાની ચર્ચા કરતી વખતે અદાલતે એક સામાન્ય બુદ્ધિ ધરાવતા નાગરિક ની દ્રષ્ટિએ હકીકતોને ધ્યાને લેવાની હોય છે. જ્યાં પુરાવાઓમાંથી બે સંભવિત તારણો નીકળતા હોય, એક આરોપીની તરફેણમાં અને બીજું વિરુદ્ધમાં ત્યારે અદાલતનો ઝુકાવ હંમેશા આરોપીની તરફેણવાળા તારણ તરફ હોવો જોઈએ.

સાક્ષીઓ કંઈ વીડિયો રેકોર્ડર નથી હોતા. સમયનું અંતર, માનસિક દબાણ અને ગ્રહણ શક્તિના કારણે જુબાનીમાં નાની-મોટી વિસંગતતાઓ આવવી સ્વાભાવિક છે. અદાલતે જોવાનું એ રહે છે કે, શું આ વિસંગતતાઓ કેસના હાર્દ ને અસર કરે છે કે કેમ? જો સાક્ષીનો પુરાવો તાત્વિક રીતે સત્ય અને વિશ્વસનીય હોય, તો તેને નજીવી ક્ષતિઓના આધારે સંપૂર્ણપણે નકારી શકાય નહીં. અદાલતે પોતાની વિવેક બુદ્ધિ અનુસાર નિર્ણય માટે તારણો તારવવાની પ્રક્રિયા અનુસરવાની રહે છે.

ઉપરોક્ત ન્યાયિક પરિપ્રેક્ષ્ય અને સ્થાપિત કાનૂની માપદંડોને મૂર્તિમંત રાખીને, હવે આ અદાલત સમક્ષ રજૂ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું હકીકતોના સંદર્ભમાં પૃથક્કરણ કરી, નીચે મુજબ મુદ્દા ની ચર્ચા કરવામાં આવેલ છે.

**<u>પુરાવાનુ મુલ્યાંકન :-</u>**

**(૧૨)** ફરિયાદપક્ષે આ કામના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૭૯,૫૧૧,૧૧૪ તથા ડેમેજ પ્રોપર્ટી એક્ટ કલમ ૩,૭ મુજબના ગુનાનુ તહોમત મૂકવામાં આવેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીઓ પૈકી નં.૧,૪ નાઓએ તા. ૨૧/૦૯/૨૦૦૬ ના કલાક ૧૭-૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે દેત્રોજ તાલુકાની રામપુરા ગામની સીમમાં સલાયા મથુરા જતી આઈ.ઓ.સી કંપનીની પાઈપ લાઈનમાં પંચર કરી ડીઝલની ચોરી કરવા માટે આરોપીનં.૭,૮,૯ ને જગ્યા બતાવી આરોપી નં.૭,૮,૯ નાઓએ પાઈપ લાઈનમાં પંચર કરી લોખંડનો ક્લેઈમ તથા વાલ્વ ફીટ કરી આશરે પાંચેક ટેન્કરો ડીઝલની ચોરી કરી આરોપી નં-૨નાએ ચોરીનો માલ વેચવા તથા ભરવા માટે ટેન્કરો ભાડે કરી આપી વચ્ચે રહી માલ વેચી આપી તહોમતદાર નં- ૩,૫ નાએ આઇઓસી કંપનીનો ચોરીનો માલ જાણવા છતા ચોરીનો માલ ભરવા ટેન્કરોમાં ભરાવી આરોપીને-૫ નાએ વચ્ચે રહી માલ વેચી આપી આ કામના આરોપી નં.૧૦ નાએ આરોપી નં.૮ ના કહેવાથી તે આઇઓસી પાઇપ લાઇનમાં પંચર કરી નુકસાન કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. ફોજદારી કાર્યરીતીના સિધ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરીયાદ્ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુનામાં આરોપીઓ વિરુધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ પર રહેલો છે. બચાવપક્ષે પોતાની નિર્દોષતા સાબીત કરવાની રહેતી નથી. પુરાવાનો બોજો ક્યારેય તહોમતદાર તરફ હોતો નથી.

**(૧૩)** આ કામે રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરીએ તો ,આંક-૦૭ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૦૬ થી પંચ સાહેદ ગણેશભાઇ સરતાનભાઈ રબારીનાઓની જુબાનીઓ વંચાણે લેવામાં આવે તો, સદર પંચ સાહેદોએ તેઓનાં પુરાવા દરમ્યાન પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી

અને તેઓને ફરીયાદપક્ષ વારા હોસ્ટાઈલ જાહેર કરી વિ.એ. પી. પી.શ્રી. ધ્વારા તેઓની વિગતવારની ઉલટતપાસ કરવા છતા તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય જેથી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. આમ, પંચસાહેદ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતાં હોઈ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં આંક-૦૯ થી રજુ મુદામાલ રીકવરીના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૦૮ થી પંચ સાહેદ ભીખુભા અગરસંગ સોલંકીનાઓની જુબાનીઓ વંચાણે લેવામાં આવે તો, સદર પંચ સાહેદોએ તેઓનાં પુરાવા દરમ્યાન પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી અને તેઓને ફરીયાદપક્ષ વારા હોસ્ટાઈલ જાહેર કરી વિ.એ. પી. પી.શ્રી. ધ્વારા તેઓની વિગતવારની ઉલટતપાસ કરવા છતા તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય જેથી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. આમ, પંચસાહેદ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતાં હોઈ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં આંક-૧૧ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૧૦ થી પંચ સાહેદ વદસસિંગ શીવસિંગ સોલંકીનાઓની જુબાનીઓ વંચાણે લેવામાં આવે તો, સદર પંચ સાહેદોએ તેઓનાં પુરાવા દરમ્યાન પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી અને તેઓને ફરીયાદપક્ષ વારા હોસ્ટાઈલ જાહેર કરી વિ.એ. પી. પી.શ્રી. ધ્વારા તેઓની વિગતવારની ઉલટતપાસ કરવા છતા તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય જેથી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. આમ, પંચસાહેદ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતાં હોઈ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં આંક-૧૨ થી ફરિયાદી મહેશકુમાર ભાઇલાલભાઇ દુબ્બલનાઓઓની જુબાનીઓ વંચાણે લેવામાં આવે તો, બનાવ તા.૨૧.૦૯.૨૦૦૬ના રોજ રામપુરા પાસે આવેલી નર્મદાની કાચી કેનાલ પાસે આવેલી તેઓની કંપની KVSPL કિલોમીટર ચેનેજ-૨૩ ઉપર બનેલો હતો. બનાવ સમયે તેઓ તેઓની IOC ની વીરમગામ ઓફીસે હાજર હતા તે સમયે તેઓના ઉપર મોબાઈલ નં. ૯૪૨૬૬ ૧૨૩૯૭ ઉપરથી આશરે સાડા પાંચેક વાગ્યાના સુમારે ઠાકર સાહેબનો ફોન આવેલો અને તેઓએ તેઓને ફોનમાં જણાવેલ કે, દેકાવાડા પાસેથી પસાર થતી IOC ની પાઈપલાઈનમાંથી તેલ ચોરી થતી હોય તેમ જણાય છે. જેથી તે વિસ્તાર તમારી હદમાં આવતો હોય તમારે આ બાબતે તપાસ કરવી તેમ જણાવતા તેઓ તથા તેઓના ડ્રાઈવર રજાકભાઈ બન્ને જણા તેઓની ગાડી લઇ તપાસ માટે નિકળેલા અને તે

દરમ્યાન દેકાવાડા રામપુરા રોડ ઉપર જયાં તેઓના તેલની પાઈપલાઈન પસાર થાય છે ત્યાં કિલોમીટર ચેનેજ-૨૩ પાસે જતા ત્યાં લાઈન ઉપર જઈને તેઓએ જોતા ત્યાં જમીન પોચી અને તાજી ખોદેલી જણાતા તેઓએ સદર જગ્યાએ તપાસ કરતા ત્યાં ખોદાકામ થયેલાનું જણાઈ આવેલ. જેથી તેઓએ ત્યાં બીજા સ્થાનીક મજુરો બોલાવીને ખોદકામ કરાવી જોતા તેઓની તેલની પાઈપલાઈનમાં કાણું પાડીને તેની ઉપર કલેમ્પ લગાવી ને તેના ઉપર વાલ બેસાડેલો હતો અને તેલ ચોરી કરવાની ક્રોશીશ કરેલાનું જણાઈ આવતા તેઓએ દેત્રોજ પોલીસ સ્ટેશનમાં આવીને લેખીત ફરીયાદ આપેલી. આમ, તેઓએ ફરિયાદની હકીકત અનરુપ પોતાની જુબાની આપેલ છે. પરંતુ તેઓની મુળ ફરિયાદની હકીકતના આધારે આ કામના  આરોપીઓને આક્ષેપીત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી જેથી ફરિયાદપક્ષનો પુરાવો આધારભૂત,માનવા લાયક તથા વિશ્વસનીય નહી હોવાથી સદર સાહેદને ફરિયાદપક્ષને સમર્થન કરતાં માની શકાય નહી.સદર કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ નો હુકમ થયેલ હતો પરંતુ સદર આરોપી પાછળથી મળી આવેલ હોય આંક-૪૨ થી ઉલટ તપાસ કરવામાં માંગતા ન હોવાની પુરસીસ આપેલ છે. વધુમાં આ કામે આંક-૧૫ થી રજુ આરોપી અટક અંગેના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૧૪ થી પંચ સાહેદ અંબાલાલ મોહનદાસ સાધુનાઓની તથા આંક-૧૬ થી ભુપતસંગ ગાંડાજી ઠાકોરનાઓની જુબાનીઓ વંચાણે લેવામાં આવે તો, સદર પંચ સાહેદોએ તેઓનાં પુરાવા દરમ્યાન પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી અને તેઓને ફરીયાદપક્ષ વારા હોસ્ટાઈલ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા તેઓની વિગતવારની ઉલટતપાસ કરવા છતા તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય જેથી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. આમ, પંચસાહેદો પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતાં ન હોઈ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં આંક-૧૮ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૧૭ થી પંચ સાહેદ રજાકભાઈ દાવલભાઈ બેલીમનાઓને તથા આંક-૧૯ થી હનીફભાઇ રસુલભાઈ બેલીમની જુબાનીઓ વંચાણે લેવામાં આવે તો, તેઓએ ફરિયાદની હકીકત અનરુપ પોતાની જુબાની આપેલ છે. સદર કામે આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી. કલમ-૨૯૯ નો હુકમ થયેલ હતો પરંતુ સદર આરોપી પાછળથી મળી આવેલ હોય આંક-૪૨ થી ઉલટ તપાસ કરવામાં માંગતા ન હોવાની પુરસીસ આપેલ છે. વધુમાં આંક-૨૨ થી રજુ આરોપી અટકના

પંચનામાને પુરવાર કરવા માટે આંક-૨૧ થી પંચ સાહેદ જયંતિભાઇ રૂપસંગભાઇ ઓડનાઓની તથા આ કામે આંક-૨૪ થી રજુ આરોપી અટકના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૨૩ થી પંચ સાહેદ પ્રજ્ઞેશભાઇ કુબેરભાઇ પટેલનાઓની તથા આંક-૭૧ થી આરોપી અટકના પંચનામાને પુરવાર કરવા માટે આંક-૩૨ થી પંચ સાહેદ અશ્વિન રસીકલાલ ઠકકરનાઓની જુબાનીઓ વંચાણે લેવામાં આવે તો, સદર પંચ સાહેદોએ તેઓનાં પુરાવા દરમ્યાન પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી અને તેઓને ફરીયાદપક્ષ વારા હોસ્ટાઈલ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા તેઓની વિગતવારની ઉલટતપાસ કરવા છતા તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ ન હોય જેથી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. આમ, પંચસાહેદો પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતાં હોઈ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં આ કામે આંક:૩૪ થી સાહેદ ગોપીચંદ શંકરલાલ શર્માનાઓની જુબાની વંચાણે લેવામાં આવે તો,બનાવ અંગે તેઓને કોઇ જાત માહિતી નથી. તેઓ બનાવ વિષે કાંઇ જાણતા નથી. બનાવ સંદર્ભે પોલીસે તેઓની કોઇ પુછપરછ કરેલી નહી હોવાની હકીકત જણાવેલ છે. સદર સાહેદ ફરિયાદપક્ષની ફરિયાદની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ ધ્વારા સાહેદની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદપક્ષની ફરિયાદની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. જેથી સદર સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષની ફરિયાદની હકીકતને માની શકાય નહી. વધુમાં આ કામે આંક-૪૪ થી સાહેદ અશોકકુમાર રામભાઈ ચાવડાનાઓની જુબાની વંચાણે લેવામાં આવે તો,સદર સાહેદે ફરિયાદ પક્ષની ફરિયાદ અનુરુપ જુબાની આપેલ છે. પંરતુ બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓએ સ્વીકાર કરેલ છે કે,આવો કોઈ ઓઈલ ચોરીનો બનાવ તેઓ નજરે જોયેલ નથી. આમ, તેઓ બનાવ તેઓ હાજર હતા નહી. જેથી સદર સાહેદ હિયરસે વિટનેસ હોય કોઇ પણ સ્વતંત્ર સાહેદના સમર્થન વગર તેઓને માની શકાય નહી. વધુમાં આ કામે આંક-૪૫ થી સાહેદ ઘનશ્યામસિંહ શંભુભા રાણાનાઓની જુબાની વંચાણે લેવામાં આવે તો,સદર સાહેદે ફરિયાદ પક્ષની ફરિયાદ અનુરુપ જુબાની આપેલ છે. પંરતુ બચાવપક્ષે ઉલટ તપાસ કરતાં તેઓએ સ્વીકાર કરેલ છે કે,આવો કોઈ ઓઈલ ચોરીનો બનાવ તેઓ નજરે જોયેલ નથી. આમ, તેઓ બનાવ તેઓ હાજર હતા નહી. જેથી સદર સાહેદ હિયરસે વિટનેસ હોય કોઇ પણ સ્વતંત્ર

સાહેદના સમર્થન વગર તેઓને માની શકાય નહી.વધુમાં આ કામે આંક-૬૪ થી તપાસ કરનાર અમલદાર રાકેશકુમાર શ્રીદયાલ શર્માનાઓની જુબાના વંચાણે લેવામાં આવે તો,તેઓએ પોતે આ કામે તપાસ કરનાર અમલદાલ તરીકેની કરેલ કામગીરીની અનુરુપ જુબાની આપેલ છે. ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર કોઇ પણ સ્વતંત્ર સાહેદના સમર્થન વગર સદર સાહેદને માની શકાય નહી. વધુમાં આ કામે આંક-૬૮ થી સાહેદ જયંતિભાઈ ચેલુભાઈ ગોહીલનાઓની તથા આંક-૭૦ થી સાહેદ રણછોડભાઈ ઢીંગાભાઈ ગોહીલનાઓને તથા આંક-૭૧ થી ભરતભાઇ કેહરભાઇ ગોહીલનાઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, બનાવ ક્યારે બન્યો હતો, કઈ જગ્યાએ અને કયા સમયે બનેલો તે તેઓને ખબર નથી. બનાવ વિશે તેઓ કાઈ જાણતા નથી. તેઓ ઘણા વર્ષો પહેલા આઈ.ઓ.સી કંપનીમાં તેઓને મજુરી માટે બોલાવે ત્યારે મજુરી કામે ગયેલ તે સમયે પોલીસે તેઓની પુછપરછ કરેલી. તે સીવાય તેઓ કશુ જાણતા નથી. સદર સાહેદો ફરિયાદપક્ષની ફરિયાદની હકીકતને સમર્થન કરતા ના હોય, વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરી, તેઓ ધ્વારા સાહેદોની વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં, ફરિયાદપક્ષની ફરિયાદની હકીકતને સમર્થન મળે તેવો પુરાવો રેકર્ડ થયેલ નથી. જેથી સદર સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષની ફરિયાદની હકીકતને માની શકાય નહી.આમ, તેઓની જુબાનીને આધારે પણ આ કામના આરોપીઓને આક્ષેપીત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી જેથી ફરિયાદપક્ષનો પુરાવો આધારભૂત,માનવા લાયક તથા વિશ્વસનીય નહી હોવાથી સદર સાહેદને ફરિયાદપક્ષને સમર્થન કરતાં માની શકાય નહી.વધુમાં આ કામે આંક-૬૯ થી ભવાનસિંહ દલપતસિંહ વાઘેલાનાઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, તેઓએ પોતાની ફરજ ઉપરની કરેલ કામગીરીની અનુરુપ જુબાની આપેલ છે. ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ ના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર કોઇ પણ સ્વતંત્ર સાહેદના સમર્થન વગર સદર સાહેદને માની શકાય નહી. આમ, સમગ્ર પંચસાહેદો, ફરિયાદી, સાહેદો, તપાસ કરનાર અમલદારનાઓની જુબાનીને આધારે પણ આ કામના આરોપીઓને આક્ષેપીત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી જેથી ફરિયાદપક્ષનો પુરાવો આધારભૂત,માનવા લાયક તથા વિશ્વસનીય નહી હોવાથી સદર સાહેદને ફરિયાદપક્ષને સમર્થન કરતાં માની શકાય નહી.વધુમાં આ કામે આંક-૭૩ થી તપાસ કરનાર અમલદાર અબ્દુલ હમીદ ઉસ્માનખાનનાઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, તેઓએ આ કામે

તપાસ કરનાર અમલદાર તરીકેની કરેલ કામગીરીની અનુરુપ જુબાની આપેલ છે. ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ ના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર કોઇ પણ સ્વતંત્ર સાહેદના સમર્થન વગર સદર સાહેદને માની શકાય નહી.વધુમાં આ કામે આંક-૭૫ થી તપાસ કરનાર અમલદાર મહોબતસિંહ અભુજી ચાવડાનાઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, સને- ૨૦૦૬ માં તેઓ પી.એસ.આઇ તરીકે દેત્રોજમાં ફરજ બજાવતા હતા. તે દરમિયાન તા. ૨૨/૦૯/૨૦૦૬ ના રોજ મહેશકુમાર ભાઇલાલભાઈ દુબ્લનાઓએ આરોપીઓ વિરુધ્ધ પી.એસ.ઓ નરસિહભાઈ રામાભાઈના રુબરુ ફરીયાદ આપી. ત્યારબાદ આગળની તપાસ તેઓએ સંભાળેલી તપાસ સંભાળ્યા બાદ તેઓએ તા.૨૩/૦૯/૨૦૦૬ ના રોજ રણછોડભાઈ ઢાંગાભાઈ પટેલ તથા જયંતિભાઈ ચેનુભાઈ ગોહીલનું નિવેદન લીધું. ત્યારબાદ આગળની વધુ તપાસ તા. ૨૪/૦૯/૨૦૦૬ ના રેન્જ આઈ.જી શ્રી ના હુકમથી આર.આર.સેલના પી.એસ.આઈ શ્રી આર.એસ.શર્માના એ સંભાળી.તે સિવાય તેઓએ કોઇ કામગીરી કરેલી નહીં. આમ,તેઓએ પોતે આ કામે તપાસ કરનાર અમલદાર તરીકેની કરેલ કામગીરીની અનુરુપ જુબાની આપેલ છે. ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ ના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર કોઇ પણ સ્વતંત્ર સાહેદના સમર્થન વગર સદર સાહેદને માની શકાય નહી. વધુમાં આ કામે આંક-૭૮ થી નરસિંહભાઈ રામાભાઈ પરમારનાઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, તેઓએ સદર કામે પી.એસ.ઓ.તરીકે સદર ફરિયાદીની ફરિયાદ દાખલ કરી, આગળની તપાસ ભવાનસિંહનાઓને સોંપેલી.આમ,તેઓએ પોતાની ફરજ ઉપરની કરેલ કામગીરીની અનુરુપ જુબાની આપેલ છે. ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ ના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર કોઇ પણ સ્વતંત્ર સાહેદના સમર્થન વગર સદર સાહેદને માની શકાય નહી. વધુમાં આ કામે આંક-૮૦ થી તપાસ કરનાર અમલદાર ધનંજયસિંહ સુરેન્દ્રસિંહ વાઘેલાનાઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, તેઓએ આ કામે તપાસ કરનાર અમલદાર તરીકેની કરેલ કામગીરીની અનુરુપ જુબાની આપેલ છે. ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ ના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર કોઇ પણ સ્વતંત્ર સાહેદના સમર્થન વગર સદર સાહેદને માની શકાય નહી. વધુમાં આ કામે આંક-૮૫ થી તપાસ કરનાર અમલદાર મુળચંદભાઇ નાથાભાઇ જાદવનાઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, તેઓએ આ કામે તપાસ કરનાર અમલદાર તરીકેની કરેલ કામગીરીની અનુરુપ જુબાની આપેલ છે. ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ ના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર કોઇ પણ સ્વતંત્ર સાહેદના

સમર્થન વગર સદર સાહેદને માની શકાય નહી.આમ, સમગ્ર પંચસાહેદો, ફરિયાદી, સાહેદો, તપાસ કરનાર અમલદારનાઓની જુબાનીને આધારે પણ આ કામના આરોપીઓને આક્ષેપીત ગુના સાથે સાંકળી શકાય તેમ નથી જેથી ફરિયાદપક્ષનો પુરાવો આધારભૂત,માનવા લાયક તથા વિશ્વસનીય નહી હોવાથી સદર સાહેદને ફરિયાદપક્ષને સમર્થન કરતાં માની શકાય નહી. જેથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહિ. સામાન્ય રીતે ઈ.પી.કો. કલમ-૩૭૯,૫૧૧,૧૧૪ તથા ડેમેજ પ્રોપર્ટી એક્ટ કલમ ૩,૭ મુજબના ગુનાના કામે કોઈ નજરે જોનાર સાહેદ ફરિયાદની હકીકતને સમર્થન કરતા હોવા છતાં તેઓએ આરોપીને ગુનો કરતા નજરે જોયેલ ન હોય તેવા સંજોગોમાં તેઓ ફરીયાદ હકીકત સમર્થન આપતા હોવા છતાં આરોપી સામેનો આક્ષેપિત ગુન્હાઓ નહિવત પ્રમાણમાં પુરવાર થાય છે, પરંતુ તેટલા કારણમાત્રથી ફરિયાદીની ફરિયાદ ખોટી હોવાનું માની શકાય નહિ. સાથે સાથે આરોપીને પણ તકસીરવાન ઠરાવી શકાય નહી.

આ કામે રજુ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા ક્રિમિનલ ટ્રાયલના કેટલાક સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો અદાલતે એવી માન્યતા સાથે ચાલવાનું છે કે, આરોપી નિર્દોષ છે અને ફરિયાદપક્ષે વ્યાજબી શંકાથી પર એ સાબિત કરવાનું છે કે, આરોપીએ તેના સામેના ગુનાનો આક્ષેપ છે તેવો ગુન્હો કરેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટે દ્વારા ***Dhanapal & Ors vs State By Public Prosecutor, Madras***[1] ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, ઈન્સાફી કાર્યવાહી કરનાર અદાલતે આપેલો અભિપ્રાય શકય કે તર્કસંગત છે તે જોવાનું રહે છે. અદાલત પુરાવાનો જેમ છે તે રીતે ઉકેલ લાવવા ફરજથી બંધાયેલ છે અને જવાબદાર છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ પોતાના પુરાવાથી પુરવાર કરવાનો છે. તેજ રીતે નામદાર ગુજરાત હાઈકોર્ટે ***Jayantilal Kuberdas Sharma Vs State of Gujarat***[2] અને ***Sabbirbhai Yakubbhai Shaikh And Ors. vs State Of Gujarat***[3] ના ચુકાદાઓમાં એવું ઠરાવેલ છે કે, પુરાવાનું મુલ્યાકન અંગેના

[1] 2009 (0) AIJEL-SC 44393
[2] 2006 (0) AIJEL-HC 216913
[3] 1990 (0) AIJEL-HC 210720

સિધ્ધાંતો જોતાં બધી બાબતમાં પોલાદી સત્ય હકીકત તારવતો ફરિયાદપક્ષનો કેસ હોઈ શકે નહીં. અદાલતે સાહેદની સમજ શકિત અને તે સમજી શકે છે તેવા મગજના સ્તરને ધ્યાનમાં રાખી પૃથકરણ કરવાનું છે. વ્યાજબી શંકાથી પર સાબિતી એ માત્ર માર્ગદર્શક છે. આમ, ફોજદારી કાર્યવાહીના સિધ્ધાંત પ્રમાણે કાર્યવાહીના દરેક તબકકે અદાલતે આરોપી નિર્દોષ હોવાનું અનુમાન કરવાનું રહે છે. અદાલત સમક્ષ મૌખિક પુરાવો સાહેદો આપતા હોય ત્યારે સામાન્ય રીતે અદાલતે સાહેદની માન્યતા, જ્ઞાન અને જાણકારીના આધારે સાચું કહે છે તેવું અનુમાન કરવાનું રહે છે. સિવાય કે અનુમાન ન થઈ શકે તેવો દફતર પર પુરાવો હોય. કેટલાક સાહેદોનો પુરાવો સાહજીક અને સત્યની નજીક હોય છે. જેનો પુરાવો અદાલત સ્વીકારી શકે અને તેવો પુરાવો માનવા લાયક હોય છે. કેટલાક સાહેદોનો પુરાવો સત્ય અથવા અસત્ય મિશ્રીત કથન આપતો હોય તેવા સમયે અદાલતે સત્ય અસત્યને દુર કરી શકાય તેમ હોય તો જેટલો પુરાવો માનવા લાયક કે ભરોસાપાત્ર હોય તે સ્વીકારવાનો હોય છે. કેટલીકવાર સાહેદોના પુરાવો સ્વીકારવા લાયક ન હોય કે ભરોસાપાત્ર ન હોય તો અદાલતે સંપૂર્ણપણે અવગણવો પડે, પરંતુ અદાલત તેવા પુરાવાનું મુલ્યાકન કરતાં સતર્કતા રાખવી જોઈએ. સાહેદો જયારે અદાલત સમક્ષ પુરાવો આપવા આવે છે ત્યારે બનાવ કે ઘટના કઈ પરિસ્થિતિ અને સંજોગોમાં બનેલ છે બનાવ બન્યા બાદ અદાલત સમક્ષ પુરાવો આપવા દરમ્યાનનો સમયગાળો, અદાલતનું વાતાવરણ સાહેદની માનસિક-શારીરિક, બૈધિક સજ્જતા-સક્ષમતા જેવા પરિબળો પણ લક્ષમાં લેવા જોઈએ. ફરિયાદપક્ષના પુરાવામાં વિરોધાભાષ, અતિરેક, વિસંગતતા અગર અસંગતતા જોવા મળતી હોય છે. આ પ્રકારની અસંગતતા વિરોધાભાષી છે. અતિરેક કે વિસંગતતા સમગ્ર રીતે ફરિયાદપક્ષના પુરાવાને કલુષીત, દુષિત કરતી ન હોય તેવા સમયે તેવી વિસંગતતા અતિરેક અવગણવી જોઈએ. કેટલીક વાર સાક્ષી પોતાને અદાલત ખોટો ન માની લે તેવા ભયના કારણે,લાગણીને કારણે કેટલાક કથનો ઉમેરે કે રજુ ન કરે તે સંભવીત છે તે પણ અદાલતે ધ્યાને લેવું જોઈએ અને અદાલતે તે કેસની હકીકત, સંજોગો પુરાવા અનુલક્ષી પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે.

**(૧૪)** આમ, રેકર્ડ પર રજૂ થયેલ સમગ્ર દસ્તાવેજી અને મૌખિક પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેષણ કરતાં આ કામે તપાસેલા ફરિયાદી તેમજ તમામ

સાહેદો છે તેમની જુબાનીઓથી આરોપીઓ વિરુધ્ધનું કોઈ ગુનાહિત કૃત્ય પુરવાર થતું નથી. આ કામે આ કામના આરોપીઓ પૈકી નં.૧,૪ નાઓએ તા. ૨૧/૦૯/૨૦૦૬ ના કલાક ૧૭-૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે દેત્રોજ તાલુકાની રામપુરા ગામની સીમમાં સલાયા મથુરા જતી આઈ.ઓ.સી કંપનીની પાઈપ લાઈનમાં પંચર કરી ડીઝલની ચોરી કરવા માટે આરોપીનં.૭,૮,૯ ને જગ્યા બતાવી આરોપી નં.૭,૮,૯ નાઓએ પાઈપ લાઈનમાં પંચર કરી લોખંડનો ક્લેઈમ તથા વાલ્વ ફીટ કરી આશરે પાંચેક ટેન્કરો ડીઝલની ચોરી કરી આરોપી નં-૨નાએ ચોરીનો માલ વેચવા તથા ભરવા માટે ટેન્કરો ભાડે કરી આપી વચ્ચે રહી માલ વેચી આપી તહોમતદાર નં- ૩,૫ નાએ આઇઓસી કંપનીનો ચોરીનો માલ જાણવા છતા ચોરીનો માલ ભરવા ટેન્કરોમાં ભરાવી આરોપીને-૫ નાએ વચ્ચે રહી માલ વેચી આપી આ કામના આરોપી નં.૧૦ નાએ આરોપી નં.૮ ના કહેવાથી તે આઇઓસી પાઇપ લાઇનમાં પંચર કરી નુકસાન કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ સદર ચોરી આરોપીઓએ જ કરેલ હોય અને આરોપીઓએ ચોરીનો માલ જાણતો હોવા છતા ખરીદેલ તેવી કોઈ જ હકીકત જણાવતા નથી. તેમજ ગુનાવાળી જગ્યાના પંચો, મુદ્દામાલ રિકવરીના પંચોએ પંચનામામાં જણાવેલ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ફરિયાદીએ તથા સાહેદોએ ચોરી થયેલાનું જણાવેલ છે, પરંતુ હાલના આરોપીઓએ જ આ ચોરી કરી હોય તેવી કોઈ જ હકીકત જણાવતા ન હોય આરોપીઓ સામે મુકવામાં આવેલ તહોમત ફરિયાદ પક્ષ શંકાથી પર સાબિત ફરેલ શકેલ ન હોઈ ત્યારે આરોપીએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય કર્યાની હકીકત પુરવાર થયાનું માની લેવું અતિશયોકિતભર્યુ તેમજ ફાયદાની વિરુધ્ધનું તેમજ ભારતીય પુરાવા અધિનિયમના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરુધ્ધનું ગણાશે તેવું હું નમ્રપણે માનુ છું.

**(૧૫)** જાહેર મિલકતને નુકસાન અટકાવવા અધિનિયમ, ૧૯૮૪ની કલમ-૩ અને ૭ અંગે ઉપરોક્ત પુરાવાની ચર્ચા

**(૧૫.૧)** સદર એક્ટની કલમ-૩ અનુસાર, જે વ્યક્તિ જાહેર મિલકતને નુકસાન પહોંચાડે તેને પાંચ વર્ષ સુધીની કેદ અને દંડની સજા થઈ શકે છે. સદર કલમના તત્વો:

(૧) ઇરાદાપૂર્વક અથવા જ્ઞાન સાથે નુકસાન;

(૨) જાહેર મિલકત (કલમ-૨(બી): સરકારી અથવા સ્થાનિક અથોરિટીની મિલકત); તથા

(૩) કારણસર સંબંધ સ્થાપિત કરવો.

**(૧૫.૨)** હાથ ઉપરના કેસમાં, ફરિયાદપક્ષે આરોપી દ્વારા આઇ.ઓ.સી ઓઇલ ચોરી કરી સરકારી મિલકતનું નુકસાન કરેલ હોવાના આક્ષેપ કરવામાં આવેલ છે. સદર મિલકતો જાહેર મિલકત છે. પરંતુ પુરાવાઓનું વિશ્લેષણ કરતા, પંચો ફરીયાદપક્ષ ના કેસને સમર્થન આપતા નથી અને પોલીસ સાહેદ તથા ફરિયાદી અને અન્ય અધિકારીઓની જુબાનીઓમાં આરોપીઓ દ્વારા ગુનો કરતા હોઇ તેવો બનાવ નજરે જોયેલો નથી. વધુમાં, સદર નુકશાન કોના દ્વારા કરવામાં આવેલ છે તે અંગે કોઇ સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં ઉલટતપાસમાં પંચ સાહેદો દ્વારા પંચનામાની વિગતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી તેમજ ફરીયાદપક્ષે નુકશાની સંબંધે પણ કોઇ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી. વધુમાં સાહેદો ની જુબાની માં મુદામાલ ઓઇલની ચેઈન ઓફ કસ્ટડી અંગે શંકા ઉપસ્થિત થાય છે. આમ, જયારે ફરીયાદપક્ષ ચોરી થઇ હોવાની હકીકતો પુરવાર કરી શકેલ ન હોય ત્યારે પુરાવાઓમાં રહેલ વિસંગતતાઓ અને અપૂર્ણતાને કારણે કલમ-૩ અને ૭ હેઠળના આરોપો પણ નિઃશંકપણે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

**(૧૬)** ઉપરોક્ત રજૂ કરાયેલ સમગ્ર પુરાવાઓ, સાહેદોની જુબાનીઓ, દસ્તાવેજી પુરાવા તથા બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસનું વિગતવાર વિશ્લેષણ કરતાં એ સ્પષ્ટ થાય છે કે, ફરિયાદપક્ષે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯,૫૧૧,૧૧૪ તથા જાહેર મિલકતને નુકસાન અટકાવવા અધિનિયમ, ૧૯૮૪ની કલમ-૩ અને ૭ હેઠળના આરોપોને નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે જે કારણોસર આરોપીઓ વિરુદ્ધના આક્ષેપો પુરવાર થયેલ નથી. તેથી, ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ની કલમ-૧૦૧ અન્વયે ફરિયાદપક્ષનું સાબિતીનો બોજ પૂર્ણ થતો નથી અને આરોપીઓને શંકાના લાભના સિદ્ધાંત અનુસાર તેઓને નિર્દોષ જાહેર કરવા યોગ્ય છે. જેથી મુદ્દા નં.૧નો જવાબ "નકાર"માં ઠરાવી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-::<u>આખરી હુકમ</u>::-

**(૧)** આ કામના આરોપી **ઇમ્તીયાજખાન રહીમખાન પઠાણ** રહે.મંડાલી, તા.જી. મહેસાણાનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ- ૩૭૯,૫૧૧,૧૧૪ તથા ડેમેજ પ્રોપર્ટી એક્ટ કલમ ૩,૭ મુજબ ગુનાના કામે સજાને પાત્ર ગુનામાંથી શંકા નો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** જો આ કામે મુદામાલનો અગાઉ વચગાળાનો કસ્ટડીનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો. વધુમાં જો હુકમ થયેલ ન હોય અને કોઇ કલેઇમ કરે તો તેના માલિકીની ખરાઇ કરી સદર મુદામાર પરત કરવો તેમજ જો કોઇ કલેઇમ ન કરે તો સદર મુદામાલની જાહેર હરાજી કરી તેનાથી ઉપજેલ નાણાં સરકારશ્રીમાં ખાલસા કરવા તેમજ સિવાયના અન્ય મુદામાલનો નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(3)** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(૧) અન્વયે આરોપીએ આપેલ જામીન છ માસ સુધી ચાલુ રાખવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ-૩૦ મી, માહે-જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
HARSH SHANTIBHAI RATHOD
at Detroj
on 30/06/2026 17:38:49 IST.

તારીખ-૩૦.૦૬ .૨૦૨૬
સ્થળ-દેત્રોજ

(હર્ષ શાંતીભાઇ રાઠોડ)
જ્યુડી.મેજી.ફ.ક., દેત્રોજ
કોડ નં. જી.જે.૦૧૭૭૪